Thursday
23.04.2026
✳Volume :10 ✳ Issue No.286
✳Email.: kamalamgujarat@gmail.com
✳www.kamalamgujarat.com
✳Editor :Mahesh N. Patel:- (98249 10606)

જય જય ગરવી ગુજરાત
કમલમ્
KAMALAM
ગાંધીનગર થી પ્રસિદ્ધ થતું દૈનિક
Daily
વંદે માતરમ્
RNI No.:GUJGUJ/2016/73451

✳Office: A-3, Plot No. R - 13, Tanishq Complex, New Greencity, Sector-26, Gandhinagar (Gujarat) 382028 ✳Page :04✳Rs. 00.25/- ✳Annual Rs. 90/-

ભારતના રાષ્ટ્રપતિએ રાઉરકેલા ખાતે પ્લેનેટોરિયમ અને સાયન્સ સેન્ટર, નિર્મલ મુંડા પરિવેશ પથ, ટ્રાઇબલ મ્યુઝિયમ અને ઇન્ટિગ્રેટેડ કમાન્ડ એન્ડ કંટ્રોલ સેન્ટરનું ઉદ્ઘાટન કર્યું

કમલમ્,

ભારતના રાષ્ટ્રપતિ શ્રીમતી દ્રૌપદી મુર્મુએ ઓડિશાના રાઉરકેલા ખાતે આયોજિત એક જાહેર કાર્યક્રમમાં પ્લેનેટોરિયમ અને સાયન્સ સેન્ટર અને નિર્મલ મુંડા પરિવેશ પથનું ઉદ્ઘાટન કર્યું હતું. બાદમાં, રાષ્ટ્રપતિએ રાઉરકેલામાં ટ્રાઇબલ મ્યુઝિયમ (આદિવાસી સંગ્રહાલય) અને ઇન્ટિગ્રેટેડ કમાન્ડ એન્ડ કંટ્રોલ સેન્ટરનું પણ ઉદ્ઘાટન કર્યું હતું. જાહેર કાર્યક્રમમાં બોલતા રાષ્ટ્રપતિએ કહ્યું કે સુંદરગઢની કુદરતી સુંદરતા, લોક સંસ્કૃતિ અને વારસો આકર્ષક વશીકરણ ધરાવે છે. તેના ગીચ જંગલો, પર્વતો, ધોધ અને નદીઓનું આકર્ષણ અપાર છે. સુંદરગઢની કલા અને સંસ્કૃતિએ ઓડિશાની સાંસ્કૃતિક વિપુલતાને વધુ સમૃદ્ધ બનાવી છે. તેઓએ ભારપૂર્વક જણાવ્યું હતું કે સુંદરગઢ એ બહાદુર વ્યક્તિઓ અને રમતગમતના પ્રેમીઓની ભૂમિ પણ છે. રાષ્ટ્રપતિએ જણાવ્યું હતું કે ઓડિશા સહિત ભારતના વિવિધ પ્રદેશોના લોકો રોજગારી અને આજીવિકાના હેતુથી રાઉરકેલામાં રહે છે. આ સર્વદેશી (cosmopolitan) શહેરે ઓડિશાની કલા, સાહિત્ય, સંસ્કૃતિ, આદિવાસી પરંપરાઓ અને રમતગમતને પ્રોત્સાહન આપવામાં અગ્રેસર ભૂમિકા ભજવી છે. રાષ્ટ્રપતિએ કહ્યું કે રાષ્ટ્રનો વિકાસ સમાજના દરેક વર્ગના વિકાસ દ્વારા જ શક્ય છે. આ માનસિકતા સાથે, કેન્દ્ર અને રાજ્ય સરકારો આદિવાસી કલ્યાણ માટેની વિવિધ યોજનાઓ પર સક્રિયપણે કામ કરી રહી છે. આનાથી સુંદરગઢ જેવા આદિવાસી પ્રભુત્વ ધરાવતા જિલ્લાઓમાં વિકાસની પ્રક્રિયા વેગવંત બની રહી છે, જ્યારે આદિવાસી સમુદાયના સભ્યોના આર્થિક ઉત્થાનને પ્રાથમિકતા આપવામાં આવી રહી છે. રાષ્ટ્રપતિએ લોકોને રાષ્ટ્રના વિકાસમાં સક્રિયપણે ભાગ લેવા સલાહ આપી હતી. તેમણે તેઓને આગળ વધવા અને અન્ય લોકોને આગળ વધવામાં મદદ કરવા માટે મદદનો હાથ લંબાવવાની સલાહ આપી હતી. તેમણે તેઓને સારા માનવી બનવા અને જેઓ પાછળ રહી ગયા છે તેમના ઉત્થાન માટે પ્રયત્ન કરવા વિનંતી કરી હતી. રાષ્ટ્રપતિએ કહ્યું કે આપણું રાષ્ટ્ર ૨૦૪૭માં આપણી સ્વતંત્રતાના શતાબ્દી વર્ષ સુધીમાં વિકસિત ભારત બનવા તરફ ઝડપથી કૂચ કરી રહ્યું છે. તેવી જ રીતે, વર્ષ ૨૦૩૬ ઓડિશા રાજ્યની રચનાના સો વર્ષ પૂર્ણ કરશે. વિકસિત ઓડિશા અને વિકસિત ભારત બનાવવા માટે સર્વાંગી વિકાસ અને સમાજના દરેક વર્ગના લોકોની ભાગીદારી આવશ્યક છે. વિકસિત ભારતનું નિર્માણ રાષ્ટ્રના ખેડૂતો, મજૂરો, આદિવાસી સમુદાયો, વંચિત વર્ગો, બૌદ્ધિકો, યુવાનો અને વિદ્યાર્થીઓ તેમજ શહેરી અને ગ્રામીણ જનતાના સામૂહિક પ્રયાસો અને સમર્પણ દ્વારા જ શક્ય બનશે.

'મોટીસત્તા સાથે મોટી જ્વાબદારી આવે છે': નવી દિલ્હીમાં ૧૮માસિવિલ સર્વિસ ડેની ઉજવણીમાં ઉપરાષ્ટ્રપતિનું જાહેર સેવકોને સંબોધન

જાહેરસેવાઓમાં મહિલાઓની વધતી સંખ્યા નારી શક્તિની તાકાત અને બદલાતી માનસિકતાને પ્રતિબિંબિત કરે છે

કમલમ્,

ભારતના ઉપરાષ્ટ્રપતિ શ્રી સી. પી. રાધાકૃષ્ણને આજે નવી દિલ્હીના વિજ્ઞાન ભવન ખાતે ૧૮મા સિવિલ સર્વિસ ડે નિમિત્તે મુખ્ય વ્યાખ્યાન આપ્યું હતું. પોતાની શુભેચ્છાઓ પાઠવતા, ઉપરાષ્ટ્રપતિએ દેશભરમાં સેવા આપી રહેલા તમામ સિવિલ સર્વન્ટ્સ (જાહેર સેવકો) અને તેમના નિવૃત્ત સાથીદારોને હાર્દિક શુભકામનાઓ પાઠવી હતી. તેમણે સ્મરણ કર્યું કે આઝાદ ભારતના પ્રથમ ગૃહમંત્રી સરદાર વલ્લભભાઈ પટેલે દિલ્હીમાં વહીવટી સેવાઓના પ્રોબેશનર્સને સંબોધ્યા હતા તેને ૭૯ વર્ષ થયા છે, જ્યાં તેમણે સિવિલ સર્વન્ટ્સને "ભારતની સ્ટીલ ફ્રેમ" (steel frame of India) તરીકે વર્ણવ્યા હતા. ઉપરાષ્ટ્રપતિએ નોંધ્યું હતું કે અધિકારીઓની ક્રમિક બેચોએ આ વારસાને સતત જાળવી રાખ્યો છે, અને પ્રગતિ તથા સમૃદ્ધિ તરફની રાષ્ટ્રની યાત્રામાં કરોડરજ્જુ તરીકે સેવા આપી છે. તેમણે વિવિધ રાજ્યોમાં કામ કરતા સિવિલ સર્વન્ટ્સને રાષ્ટ્રીય એકીકરણ અને એકતાના સર્વોચ્ચ દૂત ગણાવ્યા હતા. પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં છેલ્લા દાયકામાં હાંસલ કરેલી પરિવર્તનકારી પ્રગતિનો ઉલ્લેખ કરતા ઉપરાષ્ટ્રપતિએ ''સબકા સાથ, સબકા વિકાસ, સબકા વિશ્વાસ અને સબકા પ્રયાસ'' ના માર્ગદર્શક વિઝન પર ભાર મૂક્યો હતો. તેમણે મુખ્ય સિદ્ધિઓને ટાંકી હતી, જેમાં લગભગ ૨૫ કરોડ લોકોને ગરીબીમાંથી બહાર કાઢવા, ગરીબો માટે ૪ કરોડથી વધુ મકાનોનું નિર્માણ અને સરહદી ગામોને વાઇબ્રન્ટ કોમ્યુનિટી તરીકે વિકસાવવાનો સમાવેશ થાય છે. તેમણે નોંધ્યું હતું કે લખપતિ દીદી અને નમો ડ્રોન દીદી જેવી પહેલોના સમર્થનથી મહિલાઓ વિકાસમાં અગ્રણી ભૂમિકા ભજવી રહી છે. તેમણે એસ્પિરેશનલ ડિસ્ટ્રિક્ટ્સ પ્રોગ્રામ અને વન ડિસ્ટ્રિક્ટ વન પ્રોડક્ટ જેવા ફ્લેગશિપ કાર્યક્રમોનો પણ ઉલ્લેખ કર્યો હતો અને ભારપૂર્વક જણાવ્યું હતું કે કોઈ પણ રાજ્ય કે જિલ્લો પાછળ ન રહેવો જોઈએ. નાગરિક સેવકોને સરકારી નીતિઓના સાચા અમલકર્તા તરીકે બિરદાવતા તેમણે કહ્યું કે તેમની સમર્પણ ભાવના આ સિદ્ધિઓમાં નિમિત્ત બની છે. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે સબકા સાથ, સબકા વિકાસ, સબકા વિશ્વાસ અને સબકા પ્રયાસનો સિદ્ધાંત દરેક નાગરિક દ્વારા અનુભવવો જોઈએ. ઉપરાષ્ટ્રપતિએ રેખાંકિત કર્યું હતું કે વિકસિત ભારત @2047 તરફની તેની યાત્રામાં ભારત પાસે હજુ ઘણી લાંબી મજલ કાપવાની બાકી છે. તેમણે સર્વસમાવેશક વિકાસ અને અસરકારક શાસન સુનિશ્ચિત કરવા માટે સતત પ્રતિબદ્ધતા, અખંડિતતા અને 'લાસ્ટ-માઈલ ડિલિવરી' (છેવાડાના માનવી સુધી સેવા પહોંચાડવી) પર ધ્યાન કેન્દ્રિત કરવા આહ્વાન કર્યું હતું. પ્રધાનમંત્રીના વિઝનનો પુનરુચ્ચાર કરતા તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે કોઈ પણ નાગરિક પાછળ ન રહી જાય તે સુનિશ્ચિત કરવાની જવાબદારી નાગરિક સેવકો છે. ઝડપથી વિકસતા ટેક્નોલોજીકલ લેન્ડસ્કેપના સંદર્ભમાં, ઉપરાષ્ટ્રપતિએ જાહેર સેવકોને તેમની કુશળતા સતત અપગ્રેડ કરવા અને ભવિષ્ય માટે તૈયાર રહેવા વિનંતી કરી હતી. તેમણે ક્ષમતા નિર્માણ માટે 'iGOT કર્મયોગી' જેવા પ્લેટફોર્મનું મહત્વ અધોરેખિત કર્યું હતું અને કાર્યક્ષમતા, પારદર્શિતા અને લાભાર્થીઓના લક્ષ્યાંકને સુધારવામાં ટેક્નોલોજીની ભૂમિકા પર ભાર મૂક્યો હતો. તેમણે નોંધ્યું હતું કે ટેક્નોલોજીકલ પ્રગતિએ ગેરરીતિઓ ઘટાડવામાં અને સેવા વિતરણમાં સુધારો કરવામાં મદદ કરી છે, જ્યારે તેમણે સાવચેત કર્યા હતા કે કલ્યાણકારી યોજનાઓ એવી રીતે તૈયાર કરવી જોઈએ કે જેથી તે લાયક લાભાર્થીઓ સુધી પહોંચે. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે સિવિલ સર્વિસીસમાં માત્ર 'જનરલિસ્ટ' (સામાન્ય કુશળતા ધરાવનાર) પર નિર્ભર રહેવાનો યુગ પૂરો થયો છે અને વધુ વિશેષતા

શાસનમાં વિવિધ કુશળતાની જરૂરિયાત; ઉપરાષ્ટ્રપતિએ રાજ્યોને ભરતી નીતિઓમાં સુધારો કરવા વિનંતી કરી

સેવા તીર્થ અને કર્તવ્ય ભવન ફરજ, સેવા અને રાષ્ટ્રીય પ્રતિબદ્ધતાના પ્રતીક છે

માટે આહ્વાન કર્યું હતું. તેમણે રાજ્યોને શાસનને મજબૂત કરવા માટે ભવિષ્યલક્ષી ભરતી નીતિઓ અપનાવવા પણ વિનંતી કરી હતી. તેમણે સિવિલ સર્વન્ટ્સને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI), મશીન લર્નિંગ, નેચરલ લેંગ્વેજ પ્રોસેસિંગ અને બ્લોકચેન જેવી ઉભરતી ટેકનોલોજી અપનાવવા પ્રોત્સાહિત કર્યા હતા. ઉપરાષ્ટ્રપતિએ તમિલ સંત-કવિ તિરુવલ્લુવરને ટાંકતા નોંધ્યું હતું કે સદાચાર (અરમ) એ સંપત્તિનું સર્વોચ્ચ સ્વરૂપ છે, જે ભૌતિક સમૃદ્ધિ અને નૈતિક શક્તિ બંને લાવે છે. તેમણે જણાવ્યું હતું કે સાચું નેતૃત્વ નૈતિક આચરણમાં રહેલું છે, ખાસ કરીને પડકારજનક પરિસ્થિતિઓમાં. તેમણે કાયદેસરના માર્ગદર્શનનું પાલન કરવા અને અયોગ્ય દબાણ સામે ઝૂકવા વચ્ચેનો તફાવત સમજાવ્યો હતો અને અધિકારીઓને હંમેશા પ્રામાણિકતા અને ન્યાયીપણું જાળવવા વિનંતી કરી હતી. ઉપરાષ્ટ્રપતિએ જાહેર સેવાઓમાં મહિલાઓની વધતી જતી ભાગીદારી પર સંતોષ વ્યક્ત કર્યો હતો. તેમણે નોંધ્યું હતું કે મહિલાઓનો હિસ્સો ૨૦૧૬માં અંદાજે ૨૧%થી વધીને ૨૦૨૫ની પરીક્ષામાં લગભગ ૩૧% થયો છે, જેમાં ઘણી મહિલાઓ આજે વરિષ્ઠ હોદ્દા પર છે. તેમણે આને નારી શક્તિના શક્તિશાળી પ્રતિબિંબ તરીકે વર્ણવ્યું હતું, જે માત્ર સંખ્યાત્મક ફેરફાર જ નહીં પરંતુ માનસિકતામાં ફેરફાર પણ દર્શાવે છે. તેમણે નારી શક્તિ વંદન અધિનિયમ દ્વારા વિધાયક સંસ્થાઓમાં પણ સમાન પ્રગતિની આશા વ્યક્ત કરી હતી. ઉપરાષ્ટ્રપતિએ જાહેર સેવા પરીક્ષાઓમાં ભારે સ્પર્ધાની નોંધ લીધી હતી, જેમાં વાર્ષિક ૧૨ થી ૧૫ લાખ ઉમેદવારો હાજર રહે છે અને માત્ર ૧,૦૦૦ જેટલા ઉમેદવારોની પસંદગી થાય છે. અધિકારીઓને તેમના વિશેષાધિકૃત હોદ્દાની યાદ અપાવતા તેમણે તેમને રાષ્ટ્ર અને તેના નાગરિકો પ્રત્યેની તેમની જવાબદારીઓ પ્રત્યે સભાન રહેવા વિનંતી કરી હતી. તેમણે પડકારોને વધુ સારી રીતે સમજવા અને ઉકેલવા માટે તેમના ગૌણ કર્મચારીઓ સાથે મજબૂત જોડાણ રાખવા પણ અનુરોધ કર્યો હતો. તાજેતરમાં સમર્પિત કરવામાં આવેલા 'સેવા તીર્થ' અને 'કર્તવ્ય ભવન'નો ઉલ્લેખ કરતા તેમણે કહ્યું કે આ રાષ્ટ્ર પ્રત્યે સેવા, ફરજ અને સમર્પણની ઊંડી પ્રતિબદ્ધતાના પ્રતીક છે. તેમણે જાહેર સેવકોને વિનંતી કરી હતી કે તેઓ તેમનું કાર્ય છેવાડાના વિસ્તારો સુધી પહોંચે, જીવનમાં પરિવર્તન લાવે, ફરિયાદોનું નિવારણ કરે અને નાગરિકોને સશક્ત બનાવે તે સુનિશ્ચિત કરે, જેનાથી સમાનતા, ગરિમા અને ન્યાયના મૂલ્યો મજબૂત બને. આ પ્રસંગે કેન્દ્રીય મંત્રી ડૉ. જિતેન્દ્ર સિંહ; પ્રધાનમંત્રીના મુખ્ય સચિવ ડૉ. પી. કે. મિશ્રા; પ્રધાનમંત્રીના મુખ્ય સચિવ-૨ શ્રી શક્તિકાંત દાસ; કેબિનેટ સચિવ ડૉ. ટી. વી. સોમનાથન; સચિવ (DARPG) સુશ્રી નિવેદિતા શુક્લા વર્મા અને અન્ય મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

શ્રી શિવરાજ સિંહ ચૌહાણે નવી દિલ્હીમાં સિવિલ સર્વિસીસ ડે નિમિત્તે કૃષિ પેનલ ચર્ચામાં ભાગ લીધો

ખેડૂતોને માત્ર ક્રેડિટની નહીં, વિશ્વાસ અને સરળ પ્રણાલીઓની જરૂર છે: શ્રી શિવરાજ સિંહ ચૌહાણ

કમલમ્,

કેન્દ્રીય કૃષિ અને ખેડૂત કલ્યાણ અને ગ્રામીણ વિકાસ મંત્રી શ્રી શિવરાજ સિંહ ચૌહાણે ખેડૂતોને શાહુકારોની પ્રથા, ઊંચા વ્યાજ દરો, જટિલ લોન પ્રક્રિયાઓ અને બિનસંવેદનશીલ પ્રણાલીઓમાંથી રાહત અપાવવા માટે કૃષિ ધિરાણ પ્રણાલીને વધુ સરળ, વ્યવહારુ, માનવીય અને પરિણામલક્ષી બનાવવાની જરૂરિયાત પર ભાર મૂક્યો છે. તેમણે જણાવ્યું હતું કે કિસાન ક્રેડિટ કાર્ડ યોજનાએ ખેડૂતોને નોંધપાત્ર રાહત આપી છે, પરંતુ હવે પછીનું પગલું ટેકનોલોજીનો વિવેકપૂર્ણ ઉપયોગ સુનિશ્ચિત કરવાનું, ગ્રામીણ જરૂરિયાતોને અનુરૂપ બેંકિંગ પ્રણાલીને મજબૂત કરવાનું, યોજનાઓનું જમીન સ્તરે અસરકારક અમલીકરણ સુનિશ્ચિત કરવાનું અને નાના ખેડૂતોની આવક વધારવા માટે સંકલિત ખેતીના મોડેલોને પ્રોત્સાહન આપવાનું છે.

• લોન પ્રક્રિયાઓનું સરળીકરણ આવશ્યક છે

સિવિલ સર્વિસીસ ડે નિમિત્તે નવી દિલ્હીના વિજ્ઞાન ભવન ખાતે આયોજિત કૃષિ વિષયક પેનલ ચર્ચામાં બોલતા શ્રી ચૌહાણે જણાવ્યું હતું કે તેઓ પોતે ગામડામાં ઉછર્યા હોવાથી, તેમણે ગ્રામીણ વિસ્તારોમાં શાહુકારોની પ્રથા કેવી રીતે કાર્યરત હતી તે નજીકથી જોયું છે, જ્યાં લોકો લોન મેળવવા માટે વાસણો, ઘરેણાં, જમીન અથવા ઘરની વસ્તુઓ ગીરો રાખવા મજબૂર હતા, જે ઘણીવાર અત્યંત ઊંચા અને અનિયંત્રિત વ્યાજ દરે પર મળતી હતી. તેમણે જણાવ્યું હતું કે ખેડૂતોને આ શોષણના ચક્રમાંથી મુક્ત કરવા એ સમયની જરૂરિયાત છે. જો કે KCC અને સંસ્થાકીય બેંકિંગે ટ્રેક્ટર, સિંચાઈ, બિયારણ અને અન્ય કૃષિ જરૂરિયાતો માટે ધિરાણની પહોંચમાં સુધારો કર્યો છે અને તેનાથી ઉત્પાદનમાં વધારો થયો છે, પરંતુ તેમણે ધ્યાન દોર્યું હતું કે ગ્રામીણ વિસ્તારોમાં બેંક લોન મેળવવી હજુ પણ સરળ નથી. ખેડૂતોએ વારંવાર કાગળકામ, રેકોર્ડ્સ, મહેસૂલ કચેરીઓ અને વહીવટી પ્રક્રિયાઓના અનેક સ્તરોમાંથી પસાર થવું પડે છે. તેથી, લોન પ્રક્રિયાનું સરળીકરણ અત્યંત મહત્વનું છે.

• તંત્રમાં સંવેદનશીલતા અને સંતુલન

શ્રી ચૌહાણે ભાર મૂક્યો હતો કે તંત્રમાં સંવેદનશીલતા અને સંતુલન બંનેનો સમાવેશ થવો જોઈએ. તેમણે નોંધ્યું કે સંવેદનશીલતા ત્યારે આવે છે જ્યારે કોઈ બીજાને પોતાના તરીકે ગણે. તેમણે અવલોકન કર્યું કે સત્તાના સ્થાને બેઠેલી વ્યક્તિઓ ક્યારેક ખેડૂતોને નીચી નજરે જોતા હોય છે, જ્યારે ખેડૂતો યાચક નથી, તેઓ અધિકારો, જરૂરિયાતો અને ગરિમા સાથે સિસ્ટમ પાસે આવે છે.

એક ઉદાહરણ આપતા તેમણે એક એવા ખેડૂતનો ઉલ્લેખ કર્યો જેણે પોતાના બાળકોના શિક્ષણ માટે શહેરમાં ઘર બનાવવા માટે ૧૮ લાખની લોન લીધી હતી, જે સંચિત વ્યાજને કારણે વધીને ૪૦ લાખ થઈ ગઈ હતી. તે ખેડૂતે પાછળથી તેના બાળકો સાથે મદદ માટે સંપર્ક કર્યો, જેના કારણે શ્રી ચૌહાણે બેંકો સાથે વન-ટાઇમ સેટલમેન્ટ જેવા વ્યવહારુ ઉકેલો સૂચવ્યા. તેમણે એ વાત પર પણ ભાર મૂક્યો કે ટેકનોલોજીનો ઉપયોગ જરૂરી હોવા છતાં, તેનો વિવેકપૂર્ણ રીતે ઉપયોગ થવો જોઈએ. તેમણે ઘઉંની ખરીદી દરમિયાનના કિસ્સાઓ ટાંક્યા જ્યાં સેટેલાઇટ-આધારિત વેરિફિકેશનમાં વિસંગતતાઓ સર્જાઈ હતી, જેના કારણે ખેડૂતો મુશ્કેલીમાં મુકાયા હતા. તેમણે કહ્યું કે કૃષિ વિભાગ, નાબાર્ડ (NABARD), આરબીઆઈ (RBI) અને અન્ય હિતધારકો જેવી સંસ્થાઓએ ટેકનોલોજીની મર્યાદાઓને ધ્યાનમાં રાખીને વધુ વ્યવહારુ અને વિશ્વસનીય પ્રણાલીઓ વિકસાવવા માટે સાથે મળીને કામ કરવું જોઈએ.

• ગ્રામીણ બેંકિંગમાં પર્યાપ્ત માનવ સંસાધનો સુનિશ્ચિત કરવા

ગ્રામીણ બેંકો અને શાખાઓમાં સ્ટાફની અછત પર પ્રકાશ પાડતા શ્રી ચૌહાણે કહ્યું કે મનરેગા (MGNREGA) મજૂરી, પીએમ-કિસાન (PM-KISAN) ચૂકવણી અને અન્ય યોજનાઓ સહિત ડાયરેક્ટ બેનિફિટ ટ્રાન્સફરના વિસ્તરણને કારણે ગ્રામીણ વિસ્તારોમાં કામનું ભારણ નોંધપાત્ર રીતે વધ્યું છે. જોકે, મર્યાદિત સ્ટાફ ઘણીવાર કાર્યક્ષમ સેવાઓ પૂરી પાડવા માટે સંઘર્ષ કરે છે. તેમણે નિર્દેશ કર્યો કે ખેડૂતો ક્યારેક બેંક સુધી પહોંચવા માટે ૮-૧૦ કિલોમીટરની મુસાફરી કરે છે, પરંતુ અપૂરતા સ્ટાફને કારણે લાંબી કતારો અને વિલંબનો સામનો કરવો પડે છે. આ તેમના સમય, શ્રમ અને આજીવિકાને અસર કરે છે. તેથી, વર્તમાન માંગને અનુરૂપ પર્યાપ્ત માનવ સંસાધનો સુનિશ્ચિત કરવા માટે ગંભીર આકલનની જરૂર છે.

• પ્રગતિશીલ ખેડૂતોને વધુ નાણાકીય સહાયની જરૂરિયાત

શ્રી ચૌહાણે જણાવ્યું કે માત્ર KCC જ તમામ પડકારોને ઉકેલી શકતું નથી. હોર્ટિકલ્ચર (બાગાયત), કેપ્સિકમની ખેતી, પોલીહાઉસ, ગ્રીનહાઉસ, ટપક સિંચાઈ અને સ્પ્રિંકલર જેવી અદ્યતન ખેતી પદ્ધતિઓ માટે વધુ રોકાણની જરૂર છે. તેમણે નોંધ્યું કે કેપ્સિકમ જેવા પાકની ખેતીમાં એકર દીઠ ૧.૫-૨ લાખનું રોકાણ થઈ શકે છે, જેમાં એકર દીઠ ૩-૪ લાખની સંભવિત કમાણી થાય છે. જોકે, મુખ્ય મુદ્દો એ છે કે ખેડૂતો પાસે પ્રારંભિક મૂડી અને પર્યાપ્ત જ્ઞાનની પહોંચ છે કે કેમ. સરકાર સબસિડી આપે છે, પરંતુ તેની મર્યાદાઓ છે. તેથી, પ્રગતિશીલ ખેડૂતોને વધુ નાણાકીય સહાય આપવાના માર્ગો શોધવાની જરૂર છે જેથી તેઓ આધુનિક ટેકનોલોજી અને ઉચ્ચ મૂલ્ય ધરાવતી કૃષિ અપનાવી શકે.

• નાના અને સીમાંત ખેડૂતો માટે સંકલિત ખેતીને પ્રોત્સાહન આપવું

કેન્દ્રીય મંત્રીએ નાના અને સીમાંત ખેડૂતોની આવક વધારવા માટે સંકલિત ખેતીના મોડેલોના મહત્વ પર ભાર મૂક્યો હતો. તેમણે જણાવ્યું હતું કે એકથી અઢી એકર જમીન ધરાવતા ખેડૂતો તેમની આજીવિકા માટે માત્ર અનાજ પર નિર્ભર રહી શકે નહીં. ટકાઉ આવક વૃદ્ધિ હાંસલ કરવા માટે તેમણે ફળો, શાકભાજી, પશુપાલન, બકરી પાલન, મત્સ્યપાલન અને મધમાખી પાલન જેવી સંલગ્ન પ્રવૃત્તિઓમાં વૈવિધ્ય લાવવું જોઈએ. તેમણે ઉમેર્યું કે ડેરી ફાર્મિંગ કે મત્સ્યપાલન જેવી પ્રવૃત્તિઓ માટે પણ મૂડી રોકાણની જરૂર હોય છે. આ ક્ષેત્રોમાં KCC ના વિસ્તરણ છતાં, લાભાર્થીઓની સંખ્યા મર્યાદિત રહી છે. તેથી, સંકલિત ખેતીને વ્યવહારુ અને પ્રેક્ટિકલ બનાવવા માટે વિવિધ યોજનાઓ અને સંસાધનોનું સંકલન (convergence) આવશ્યક છે.

• વ્યવહારુ અમલીકરણ પર ધ્યાન કેન્દ્રિત કરવું

શ્રી ચૌહાણે વેરહાઉસ રિસીપ્ટ ફાઇનાન્સિંગ સ્કીમનો પણ ઉલ્લેખ કર્યો અને જણાવ્યું કે તે એક પ્રશંસનીય પહેલ હોવા છતાં, તેને વધુ અસરકારક અને વ્યવહારુ બનાવવાની જરૂર છે. તેમણે સમજાવ્યું કે સામાજિક જવાબદારીઓ અથવા દેવાની ચુકવણી જેવી તાત્કાલિક નાણાકીય જરૂરિયાતોને કારણે ખેડૂતો ઘણીવાર તેમના ઉત્પાદનો ઓછા ભાવે વેચી દે છે.

જો સંગ્રહિત પેદાશો સામે સરળ અને સમયસર ધિરાણ ઉપલબ્ધ કરાવવામાં આવે, તો ખેડૂતો બજારના સારા ભાવોની રાહ જોઈ શકે છે અને તેમનું વળતર મહત્તમ કરી શકે છે. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે ઘણી યોજનાઓ સારી રીતે ડિઝાઇન કરવામાં આવી હોય છે, પરંતુ પ્રક્રિયાઓ, પરિણામો અને અંતર્ગત પડકારોનું મૂલ્યાંકન કરવું તેટલું જ મહત્વનું છે. જટિલતાઓને ઓળખવી જોઈએ અને તેનું નિરાકરણ લાવવું જોઈએ. તેમણે હિતધારકોને વિનંતી કરી કે તેઓ માત્ર ડેટામાં ન ખોવાઈ જાય, પરંતુ વ્યવહારુ પાસાઓ પર ધ્યાન કેન્દ્રિત કરે, જેમાં NPA, કવરેજ, નાના ખેડૂતો માટે પહોંચ અને વાસ્તવિક લાભો જેવા મુદ્દાઓનો સમાવેશ થાય છે.

• આત્મચિંતન અને નવીન વિચારસરણી માટે આહ્વાન

શ્રી ચૌહાણે સિવિલ સેવકોને આત્મચિંતન કરવા, અમલીકરણમાં સુધારો કરવા અને 'આઉટ-ઓફ-ધ-બોક્સ' (નવીન) વિચારસરણી અપનાવવા આહ્વાન કર્યું હતું. તેમણે કહ્યું કે વધુ સારી સેવા વિતરણ અને સુધારેલા પરિણામો માટે, અધિકારીઓએ તેમની પ્રતિભા, ક્ષમતા અને વિચારોનો અસરકારક રીતે ઉપયોગ કરવો જોઈએ. વ્યવહારુ અને નવીન વિચારોને પ્રોત્સાહિત કરવા જોઈએ અને ખેડૂતો અને રાષ્ટ્રના હિત માટે તેને કાર્યમાં રૂપાંતરિત કરવા જોઈએ.

તંત્રી સ્થાનેથી.....

ભારતના ચૂંટણી પંચે (ECI) તમિલનાડુ અને પશ્ચિમ બંગાળની વિધાનસભાઓની ચાલી રહેલી સામાન્ય ચૂંટણીઓ માટે નવી દિલ્હીમાં ઈન્ટરનેશનલ ઈલેક્શન વિઝિટર્સ પ્રોગ્રામ (IEVP), 2026 ના બીજા તબક્કાની શરૂઆત કરી. મુખ્ય ચૂંટણી કમિશનર શ્રી જ્ઞાનેશ કુમારે ઇન્ડિયા ઇન્ટરનેશનલ ઇન્સ્ટિટ્યૂટ ઓફ ડેમોક્રસી એન્ડ ઇલેક્શન મેનેજમેન્ટ (IIDEM) ખાતે આ પ્રયત્નનું ઉદ્ઘાટન કર્યું હતું. દિલ્હીમાં તેમના વિદેશી મિશનના પ્રતિનિધિઓ અને ઇન્ટરનેશનલ IDEA ના એક પ્રતિનિધિ સહિત ૧૭ દેશોના ૩૪ પ્રતિનિધિઓ કાર્યક્રમના બીજા તબક્કામાં ભાગ લેશે. સહભાગીઓ ૨૨ એપ્રિલથી ૨૩ એપ્રિલ, ૨૦૨૬ દરમિયાન તમિલનાડુ અને પશ્ચિમ બંગાળની મુલાકાત લેશે. પ્રથમ તબક્કામાં, કાર્યક્રમના પ્રતિનિધિઓએ ૮ એપ્રિલથી ૯ એપ્રિલ, ૨૦૨૬ દરમિયાન આસામ, કેરળ અને પુડુચેરીની મુલાકાત લીધી હતી. પ્રતિનિધિઓને આજે IIIDEM ખાતે ઓફ્સ નુન્ટિર્શન આપવામાં આવ્યું હતું અને તેઓએ મતદાન પ્રક્રિયાનો પ્રત્યક્ષ અનુભવ મેળવવા માટે ઈલેક્ટ્રોનિક વોટિંગ મશીનો (EVMs) નો ઉપયોગ કરીને મોકપોલ (નકલી મતદાન) માં ભાગ લીધો હતો.

ચૂંટણી પહેલા કચ્છ કૉંગ્રેસ માટે પડ્યા પર પાટુ જેવો તાલ

એક પછી એક સંનિષ્ઠ અને ખમતીધર કાર્યકરો દ્વારા કૉંગ્રેસને અલવિદા કરાતાં કચ્છમાં કૉંગ્રેસની મૃતઃપાય બની

કમલમ્,

સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાઓની ચૂંટણીઓ અને આડે હવે ગણતરીના દિવસો બાકી રહ્યા છે ત્યારે કચ્છ કૉંગ્રેસમાં વિદ્રોહ અને અસંતોષની આગ ઠરવાનું નામ નથી લેતી. કૉંગ્રેસની દંભી અને દોગલી રાજનીતિથી ત્રસ્ત થઈને એક પછી એક અનુકૂળતા કૉંગ્રેસે કાર્યકરો કૉંગ્રેસને અલવિદા કહીને ભારતીય જનતા પાર્ટીની સેવા, વિકાસ અને રાષ્ટ્રવાદી વિચારધારાથી પ્રભાવિત થઈને ભાજપમાં જોડાઈ રહ્યા છે. એવા જ એક ઘટનાક્રમમાં આજ રોજ ભુજમાં વોર્ડ નંબર ૯ ના ભારતીય જનતા પાર્ટીના ચૂંટણી કાર્યાલયના ઉદ્ઘાટન સમારોહમાં જીલ્લા ભાજપ અધ્યક્ષ દેવજીભાઈ વરચંદની અનુમતિથી ગુજરાત કૉંગ્રેસ પ્રદેશ સેવાદળના મંત્રી અને કચ્છ કૉંગ્રેસના પૂર્વ મંત્રી અને પ્રેરકતા તરીકે મહત્વપૂર્ણ જવાબદારીઓ નિભાવી ચુક્યા છે એવા કૉંગ્રેસી અને જૈન મહિલા અગ્રણી માનસી શાહ આજરોજ તેમની સાથેના અન્ય ૩૦ જેટલા સમર્થકો સાથે વિધિવત રીતે ભારતીય જનતા પાર્ટીમાં જોડાયા હતા. તેમની સાથે ભાજપમાં જોડાયેલ તોસીફ મણીયાર પણ પ્રદેશ સેવાદળમાં કાર્યરત હતા. ઉક્ત ઉદ્ઘાટન સમારોહમાં ઉપસ્થિત સાંસદ વિનોદભાઈ ચાવડા, ભુજના ધારાસભ્ય કેશુભાઈ પટેલ, કેડીસીસી બેંક ચેરમેન દેવરાજભાઈ ગેડવી, ભુજ શહેર ભાજપ પ્રમુખ મીતભાઈ ઠક્કર સહિતના પાર્ટીના અગ્રણીઓના હસ્તે આ સર્વે કૉંગ્રેસી આગેવાનો અને કાર્યકર્તાઓએ ભારતીય જનતા પાર્ટીનો ખેસ ધારણ કરીને આજથી વિધિવત રીતે ભાજપમાં જોડાયા હતા. આ ઉપરાંત અન્ય એક ઘરખમ કૉંગ્રેસી આગેવાન અને રાજગોર સમાજના અગ્રણી એવા જગદીશભાઈ ગોર પણ તેમના પત્ની અને કૉંગ્રેસી નગરસેવક મંજુલાબેન ગોર અને અન્ય ૧૦૦ જેટલા સમર્થકોને સાથે આજરોજ ભારતીય જનતા પાર્ટીમાં સત્તાવાર રીતે જોડાયા હતા. શ્રી ગોરના પત્ની શ્રીમતી મંજુલાબેન જગદીશભાઈ ગોર ગત ટર્મમાં ભુજ નગરપાલિકામાં કૉંગ્રેસના નગરસેવિકા તરીકે કાર્યરત હતા. શ્રી ગોરની સાથે રાજગોર સમાજના અન્ય અગ્રણીઓ જેવા કે હસમુખ રાજગોર, હિતેશ રાજગોર, લાભશંકર ગોર, આકાશ ગોર, પંકજ માકણી, વસુબેન ભોડા તેમજ મુસ્લિમ સમાજના અગ્રણીઓ જેવા કે અબ્દુલ કસમ બ્લાણીયા, મિયાં મલુક કસમ, આમદ તુગાજી સમા વગેરેએ પણ ભારતીય જનતા પાર્ટીનો ખેસ ધારણ કર્યો હતો. આ પ્રસંગે જિલ્લા ભાજપ અધ્યક્ષ દેવજીભાઈ વરચંદે જણાવ્યું હતું કે કૉંગ્રેસની મહિલા વિરોધી માનસિકતા હવે સરાજાહેર છતી થઈ ચૂકી છે. આજે કૉંગ્રેસ પક્ષના બે મહિલા અગ્રણીઓ માનસીબેન શાહ અને મંજુલાબેન ગોર સહિત અનેક અગ્રણીઓએ કૉંગ્રેસના મહિલા વિરોધી વલણ અને કૉંગ્રેસની ખંધી, ભ્રષ્ટ અને વેરઝેરની રાજનીતિથી નિરાશ થઈને કૉંગ્રેસને કાયમી જાકારો આપ્યો છે અને ભારતીય જનતા પાર્ટીની ઝળહળતી વિકાસધારામાં શામેલ થયા છે. ઉપરોક્ત તમામ કૉંગ્રેસી અગ્રણીઓ આજથી જ સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં ભારતીય જનતા પાર્ટીને પ્રચંડ વિજય અપાવવા માટે તન, મનથી કામે વળગી ગયા હોવાનું કચ્છ જિલ્લા ભાજપ મીડિયા ઈન્ચાર્જ સાત્વિકદાન ગઢવીની યાદીમાં જણાવાયું હતું.

અંકલેશ્વરના કોસમડી ખાતેગ્રામજનોએ લીધા સોગઠા મતદાનના શપથ

કમલમ્, ભરૂચ

ભરૂચ જિલ્લામાં આગામી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી સંદર્ભે જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા મતદારોને જાગૃત કરવા માટે સઘન અભિયાન ચલાવવામાં આવી રહ્યું છે. જેના ભાગરૂપે આજે અંકલેશ્વર તાલુકાના કોસમડી ગામ ખાતે વિશેષ મતદાન જાગૃતિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કોસમડી ગામમાં યોજાયેલા આ કાર્યક્રમમાં ચૂંટણી વિભાગના પ્રતિનિધિઓ દ્વારા ગ્રામજનોને મતદાનના મહત્વ વિશે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું અધિકારીઓએ ઉપસ્થિત નાગરિકોને મતદાન કેવી રીતે કરવું, ઈવીએમ પ્રક્રિયા અને લોકશાહીમાં એક-એક મતના મૂલ્ય વિશે સરળ ભાષામાં વિસ્તૃત સમજ આપી હતી. કાર્યક્રમના અંતે ગામના વડીલો, યુવાનો અને મહિલાઓ સહિત મોટી સંખ્યામાં ગ્રામજનોએ એકસાથે મળીને આગામી ચૂંટણીમાં નૈતિક મતદાન કરવાના શપથ લીધા હતા. ગ્રામજનોએ "મારો મત, મારો અધિકાર" ના નારા સાથે પોતે તો મતદાન કરશે જ, પણ અન્ય લોકોને પણ મતદાન મથક સુધી લઈ જશે તેવો સંકલ્પ વ્યક્ત કર્યો હતો.

શંખેશ્વર તીર્થે જ્હાજમંદિરે પ્રેમરત્ન જલધારા નું ઉદ્ઘાટન યોજાયો

માનવતાના મસીહા પૂ.જૈનાચાર્યશ્રી રત્નશેખરસૂરીશ્વરજી મહારાજના ૫૦માં દીક્ષા તિથિ નિમિત્તે જલધારાનું નિર્માણ

પાણી એ જીવદાતા છે તેનો સન્માન કરવું દરેકનો કર્તવ્ય છે-મુનિ નયશેખર મહારાજ સાહેબ

કમલમ્,

શંખેશ્વર મહાતીર્થની ખાતે જહાજ મંદિરે માનવતાના મસીહા પ.પૂ.આ.શ્રીમદ્ વિજય રત્નશેખરસૂરીશ્વરજી મહારાજશ્રીની ૫૦મી (ગોલ્ડન જુબિલી) દીક્ષા તિથિ નિમિત્તે પ્રેમરત્ન માનવસેવા ચેરીટેબલ ટ્રસ્ટ એવં શ્રી પાર્શ્વચંદ્રસૂરી દાદાવાડી ટ્રસ્ટના નેજા હેઠળ શ્રી પાર્શ્વ પ્રેમરત્ન જલધારા નું નિર્માણ થયું. આ જલ ધારાનો સંપૂર્ણ લાભ પ.પૂ.મુનિરાજ શ્રી નયશેખર મહારાજ સાહેબના સદ્ઉપદેશથી માતુશ્રી રજનબેન ધનજી ભાણજી દેઢિયા,શ્રી વિનોદ ધનજી ભાણજી દેઢિયા,હસ્તે-શ્રીમતિ કવિતાબેન કુલીનભાઈ દેઢિયા-પુત્ર-પુત્રવધુ જીત-શ્રીયા,પુત્ર-વેવિન,ગામ-કચ્છકોડાય, હાલે-મુંબઈ મલાડ,કવિતા રિબન & ટેક્સટર્ઝ લ LLP પરિવાર ઉદાર દિલે લાભ લીધેલ.આ પ્રસંગે પાર્શ્વ પ્રેમરત્ન જલધારાની તકતી નું અનાવરણ કરી પરબ નો પ્રારંભ કરવામાં આવેલ.આ પ્રસંગે મુનિરાજ નયશેખર મહારાજ સાહેબ એ જણાવેલ કે ભારતના અનેક પ્રદેશોમાં,ખાસ કરીને ગ્રામ્ય વિસ્તારોમાં, ચોમાસાની શરૂઆત પહેલાં પાણીની પરબ ઊભવવાની પરંપરા છે.લોકો કૂવા, તળાવ, નદી, સરોવર જેવા જળસ્રોતોને સ્વચ્છ બનાવે છે,તેમને શણગારે છે અને તેમની પૂજા કરે છે.આ રીત જળસ્રોતો પ્રત્યેની આદરભાવના દર્શાવે છે.પાણીની પરબ આપણને શીખવે છે કે જળ માત્ર ઉપયોગની વસ્તુ નથી, તે જીવદાતા છે અને તેનો સન્માન કરવો દરેકનો કર્તવ્ય છે.આજના સમયમાં પાણીની પરબનો મહિમા વધુ મહત્વનો બની ગયો છે. પાણીની પરબના પ્રસંગે લોકો ગામ-શહેરમાં જાગૃતિ રેલી કાઢે છે,બાળકોમાં પાણી બચાવવાનો સંદેશ ફેલાવે છે,આ રીતે પાણીની પરબ એ માત્ર ધાર્મિક કે સાંસ્કૃતિક પરંપરા નથી; તે પર્યાવરણ પ્રત્યેની જવાબદારીનું પ્રતિક છે.જો આપણે પાણીનું સન્માન કરી તેનું સંરક્ષણ કરીશું તો જ આપણું ભવિષ્ય સુરક્ષિત રહેશે.નદીઓ,સરોવર, તળાવો અને વરસાદ સૌ પ્રકૃતિની દેન છે જેને સાચવવું આપણી જવાબદારી છે.આ પ્રસંગે પ્રેમરત્ન માનવસેવા ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા દાતા પરિવારનો ખૂબ ખૂબ અનુમોદના કરવામાં આવેલ.આ પ્રસંગે મુંબઈ,અમદાવાદ,કચ્છ,રાજસ્થાન વિગેરે થી ગુરુભક્તો પધારેલ.

કડી સર્વ વિશ્વવિદ્યાલય સંલગ્ન બી.પી. કોલેજ ઓફ બિઝનેસ એડમિનિસ્ટ્રેશન દ્વારા "Energize Your Self" વાયબ્રન્ટ સમર વર્કશોપ નું સફળતાપૂર્વક આયોજન થયું.

કમલમ્, ગાંધીનગર

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત કડી સર્વ વિશ્વવિદ્યાલય સંલગ્ન બી.પી. કોલેજ ઓફ બિઝનેસ એડમિનિસ્ટ્રેશન (BBA), ગાંધીનગર દ્વારા **"Energize Your Self"** વિષયક સાત દિવસીય વાયબ્રન્ટ સમર વર્કશોપ નું સફળતા પૂર્વક આયોજન થયું. આ વર્કશોપનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓમાં જીવન કૌશલ્યો અને વ્યવસાયિક ક્ષમતાઓનો વિકાસ કરવો છે.આ વર્કશોપમાં ભાગ લેનાર દરેક વિદ્યાર્થીઓને પ્રમાણપત્ર આપવામાં આવ્યું હતું વર્કશોપમાં કુલ ૫૦ વિદ્યાર્થીઓ જોડાયા હતા.કાર્યક્રમ દરમિયાન વિદ્યાર્થીઓને પ્રાયોગિક અભિગમ વિકસાવવા માટે **Sri Aurobindo** સેન્ટર ખાતે મુલાકાત નું આયોજન કરવામાં આવ્યું હતું, જેનાથી તેમના વ્યક્તિત્વ વિકાસમાં મહત્વપૂર્ણ યોગદાન મળશે.વર્કશોપ દ્વારા વિદ્યાર્થીઓમાં આત્મવિશ્વાસનો સ્તર વધારવા સાથે સાથે સ્પર્ધાત્મક પરીક્ષાઓ બાબતે સુસજ્જતા,કોર્પોરેટ ક્ષેત્રમાં જરૂરી આવડતો જેવી કે અસરકારક કમ્યુનીકેશન,પ્રેઝન્ટેશન કૌશલ્ય, ટીમ વર્ક, સમસ્યાનિવારણ, પહેલ અને સાહસિક વલણ, આયોજન અને વ્યવસ્થાપન કળા તેમજ સ્વ-વ્યવસ્થાપન, ચરિત્ર નિર્માણ અને વ્યક્તિત્વ વિકાસ સાથે રાષ્ટ્ર નિર્માણ બાબતે યુવાનો ના યોગદાન જેવી કુશળતાઓનો વિકાસ કરવામાં આવ્યો હતો. તદ્ ઉપરાંત, વિદ્યાર્થીઓને સરકારી નોકરીઓ તેમજ શ્રેષ્ઠ કોર્પોરેટ કારકિર્દી અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું, જેથી તેઓ પોતાના ભવિષ્ય માટે યોગ્ય દિશામાં આગળ વધી શકે. આ વર્કશોપ વિદ્યાર્થીઓને કારકિર્દી ના ઘડતર માટે એક સુવર્ણ તક સાબિત થશે અને તેમના સર્વાંગી વિકાસમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવશે.સમગ્ર કાર્યક્રમનું આયોજન કોલેજના આચાર્ય ડૉ. રમાકાંત પુષ્ટિ ના માર્ગદર્શનમાં ઉપાચાર્ય ડૉ. જયેશ તન્ના, ડૉ આશિષ ભૂવા સહીત સમગ્ર કોલેજ પરિવાર દ્વારા સફળતાપૂર્વક સંપન્ન કરવામાં આવ્યો હતો.

કમલમ્,

સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી અંતર્ગત નેદ્રા જિલ્લા પંચાયત સીટ અને ૪ તાલુકા પંચાયત સીટના ઉમેદવારોના સમર્થનમાં ચંદ્રાવતી ખાતે ભવ્ય સભા યોજાઈ. જેમાં ધારાસભ્ય શ્રી બલવંતસિંહ રાજપૂત ઉપસ્થિત રહી કાર્યકર્તાઓ સાથે સક્રિય ચૂંટણીલક્ષી સંવાદ સાધ્યો. માનનીય શ્રી નરેન્દ્ર મોદી સાહેબના દ્રઢ નેતૃત્વ હેઠળ થયેલા વિકાસકાર્યો પ્રત્યે જનતામાં વિશ્વાસ વધ્યો છે અને મતદાતાઓ ભાજપાને જંગી બહુમતીથી વિજયી બનાવવા સંકલ્પ સાથે આગળ વધી રહ્યા છે. આ પ્રસંગે શ્રી મુકેશભાઈ ચૌધરી, શ્રી દિલીપજી ઠાકોર, શ્રી વિષ્ણુભાઈ પટેલ, શ્રી વિક્રમસિંહ ઠાકોર, શ્રી અભુજી ઠાકોર, શ્રી શૈલેષભાઈ પટેલ, શ્રી ભુપેન્જી રાજપૂત, શ્રી વિજ્યભાઈ, શ્રી અગ્રજી, શ્રી લ્લુજી, શ્રી જલાજી, શ્રી લક્ષ્મણજી, શ્રી સુકેશજી, શ્રી હરેશભાઈ પટેલ, શ્રી ભીખુજી, શ્રી વીરસંગ્રજી, જિલ્લા અને તાલુકા પંચાયતના ઉમેદવારશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

કમલમ્,

સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી અંતર્ગત નેદ્રા જિલ્લા પંચાયત સીટના ઉમેદવાર તેમજ ૪ તાલુકા પંચાયત સીટ ઉમેદવારોના પ્રચારાર્થે દેવળી ખાતે સભા યોજાઈ, જેમાં ધારાસભ્ય શ્રી બલવંતસિંહ રાજપૂત ઉપસ્થિત રહી કાર્યકર્તાઓ સાથે ચૂંટણીલક્ષી સંવાદ સાધ્યો. મોદી સાહેબના નેતૃત્વમાં અવિરતપણે વિકાસકાર્યોનો લાભ દેશના જન-જન સુધી પહોંચ્યો છે, ત્યારે મતદાતાઓ ભાજપાને જંગી બહુમતી સાથે વિજયી બનાવવા ઉત્સાહિત છે. આ પ્રસંગે શ્રી રમેશભાઈ સિંધવ, શ્રી સત્યભાઈ કુલાબકર, શ્રી મુકેશભાઈ ચૌધરી, શ્રી વિષ્ણુભાઈ પટેલ શ્રી અશોકભાઈ પટેલ, શ્રી અભુજી ઠાકોર, શ્રી ગોપાલજી રાજપૂત, શ્રી અર્જુનભાઈ, શ્રી મહેન્દ્રભાઈ, શ્રી વિક્રમસિંહ ઠાકોર તેમજ જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયતના ઉમેદવારશ્રીઓ ઉપસ્થિત રહ્યા

કમલમ્,

સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી અંતર્ગત સિદ્ધપુર શહેર ખાતે વોર્ડ નંબર ૧ અને વોર્ડ નંબર ૭ની સભામાં ઉપસ્થિત રહી કાર્યકર્તા સાથે સંવાદ કર્યું, તેમજ ઉમેદવારશ્રીઓને પ્રચંડ બહુમતીથી વિજયી બનાવવા ધારાસભ્ય શ્રી બલવંતસિંહ રાજપૂત આહ્વાન કર્યું. ભાજપના શાસનમાં શહેરોમાં થઈ રહેલા અવિરત વિકાસને ધ્યાનમાં રાખીને નાગરિકોએ ભાજપના મજબૂત વિજયનો વિશ્વાસ વ્યક્ત કર્યો. આ પ્રસંગે શ્રી કૌશલભાઈ જોશી, શ્રી વિષ્ણુભાઈ પટેલ, શ્રી રોહિતભાઈ પંચોલી, શ્રી ભરતભાઈ મોદી, શ્રી કિરણભાઈ ઠાકોર, શ્રી જે.ડી પટેલ, પ્રીતિબેન મોદી, શ્રી મેહુલભાઈ શાહ, શ્રી હમીદભાઈ મન્સુરી, શ્રી દિનેશભાઈ ઝાલા, સુશીલાબેન પટેલ, શ્રી શૈલેષભાઈ પંચોલી, મહામંત્રી શ્રીઓ, કાર્યકરો, મહિલા મોરચા, યુવા મોરચા, અને ઉમેદવારશ્રીઓ તેમજ મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા.



કમલમ્,

સ્થાનિક સ્વરાજની ચૂંટણીને અનુલક્ષે સંતરામપુર તાલુકામાં સમાવિષ્ટ ઉખેડીલી જિલ્લા પંચાયતના ગડા,અને મેતાના મુવાડા, સગવાડીયા - ટીમલા ખાતે તાલુકા પંચાયતના ઉમેદવારોને ભવ્ય વિજય પ્રાપ્ત થાય તે માટે ચૂંટણીલક્ષી માર્ગદર્શન ધારાસભ્યશ્રી ડૉ.કુબેરભાઈ ડીંડોરે પૂરૂ પાડ્યું. સંગઠનની શક્તિ અને કાર્યકર્તાઓના અવિરત પરિશ્રમથી નિશ્ચિત જ વિજય પ્રાપ્ત થશે તેવી પૂરી આશા વ્યક્ત કરી. આ તકે પૂર્વ સંતરામપુર તાલુકા મંડળ પ્રમુખશ્રી બળવંતભાઈ પટેલીયા, વરિષ્ઠ આગેવાન ગોપાલ બાપુ, સરપંચશ્રીઓ, ઉમેદવારો જિલ્લા પંચાયતના ઉમેદવાર શ્રીમતિ ભુરીબેન દિનેશભાઈ ડામોર,ગડા તાલુકા પંચાયત સીટના ઉમેદવારશ્રી અક્ષયકુમાર વિક્રમભાઈ ભગોરા, કણજરા તાલુકા પંચાયત સીટના ઉમેદવાર શ્રી નટવરભાઈ સ્લાભાઈ ઘમા અને મોટી સંખ્યામાં ગામજનો કાર્યકર્તાઓ હાજર રહ્યાં હતાં.

સિવિલમાં માનવતાનો મહાયજ્ઞા: ત્રણ દિવસ, ત્રણ અંગદાન અને ૧૧ જિંદગીઓને નવજીવન

દંતાણી સમાજના પ્રથમ અંગદાન સાથે સિવિલ હોસ્પિટલનું ૨૩૭મું અંગદાન

અંગદાન જાગૃતિ અંગેના સરકારના પ્રયાસો તેમજ સમાજસેવી સંસ્થાઓના સહયોગથી દરેક સમાજ અંગદાનનું મહત્વ સમજતો થયો છે - તબીબી અધિક્ષક સિવિલ હોસ્પિટલ, અમદાવાદ

કમલમ્,

અમદાવાદ સિવિલ હોસ્પિટલ આજે માત્ર સારવારનું કેન્દ્ર જ નહીં, પરંતુ માનવતાની જ્યોતને સતત પ્રજ્વલિત રાખતું સ્થળ બની રહી છે. છેલ્લા ત્રણ દિવસમાં હોસ્પિટલના આંગણે જે રીતે એક પછી એક ત્રણ અંગદાન અને એક ત્વચાદાનની ઘટનાઓ બની છે, તેણે સમગ્ર સમાજ માટે સેવાનો નવો રાહ ચીંધ્યો છે. આ ત્રણદિવસના ટૂંકા ગાળામાં થયેલા 'અંગદાનના મહાયજ્ઞ' થકી ૧૦ મહત્વના અંગો અને એક પેશીના દાનથી કુલ ૧૧ જરૂરિયાતમંદ દર્દીઓના જીવનમાં અંધકાર દૂર થઈ નવી આશાનો સંચાર થયો છે. આ શ્રૃંખલાની પ્રથમ કડીમાં ગાંધીનગરના ૫૦ વર્ષીય બહરાનભાઈ પંડિતનો સમાવેશ થાય છે. વ્યવસાયે કડિયા કામ કરતા બહરાનભાઈ અચાનક ચક્કર આવતા પટકાયા અને અંતે બેઈન ડેડ જાહેર થયા. આવી કપરી પરિસ્થિતિમાં પણ તેમના પત્ની સંગીતાબેને અપ્રતિમ સાહસ બતાવી અંગદાનનો નિર્ણય લીધો, જેના દ્વારા મળેલા એક લીવર અને બે કિડનીએ ત્રણ વ્યક્તિઓને મોતના મુખમાંથી બચાવ્યા છે. સંવેદનાનો આવો જ બીજો કિસ્સો આઈસીયુમાં સારવાર લઈ રહેલા ૪૨ વર્ષીય દર્દીના પરિવારે આલેખ્યો, જેમણે પોતાના અંગત સ્વજનના વિરહ વચ્ચે પણ એક લીવર, એક હૃદય અને બે કિડનીનું દાન આપીને ચાર જિંદગીઓને જીવનદાન આપ્યું. માનવતા ના આ યજ્ઞમાં એક વિશેષ અને પ્રેરણાદાયી વળાંક ત્યારે આવ્યો જ્યારે નારોલના ૪૫ વર્ષીય દિશાચાલક પૂરણભાઈ દંતાણીને બ્રેઈન હેમરેજ બાદ બ્રેઈન ડેડ જાહેર કરાયા. પૂરણભાઈના પત્ની અલકાબેન અને તેમના પરિવારે લીવર તેમજ બે કિડનીના દાનની સંમતિ આપીને ઈતિહાસ સર્જી દીધો. દંતાણી સમાજમાંથી સિવિલમાં થયેલું આ પ્રથમ અંગદાન છે. સિવિલ હોસ્પિટલના તબીબી અધિક્ષકના જણાવ્યા અનુસાર, સરકાર અને સેવાભાવી સંસ્થાઓના પ્રયાસોથી હવે સમાજના દરેક સ્તરે અંગદાનની જાગૃતિ પ્રસરી રહી છે. માત્ર અંગદાન જ નહીં, પરંતુ ત્વચાદાન ક્ષેત્રે પણ સિવિલ હોસ્પિટલ અગ્રેસર રહી છે.



વિશ્વ લીવર દિવસે સિવિલ હોસ્પિટલની ઐતિહાસિક સિદ્ધિ: અત્યાર સુધી ૦૮૪ અંગો તથા ૨૩૭ પેશીઓનું દાન મળ્યું

મણિનગરની કે.એન.બ્રધોર મલ્ટીસ્પેશ્યાલિટી હોસ્પિટલમાંથી ડો. કિરણ શાહની પ્રેરણાથી ૫૧ વર્ષીય મૃતક અંજનાબેન પટેલના પતિ જતીનભાઈએ પત્નીની ત્વચાનું દાન કરવાનો ઉમદા નિર્ણય લીધો. આ દાનમાં મળેલી ત્વચા આગામી સમયમાં દાઝેલા કે ગંભીર ઈજા પામેલા દર્દીઓ માટે આશીર્વાદરૂપ સાબિત થશે. ખાસ વાત એ છે કે, ૧૯ એપ્રિલ 'વિશ્વ લીવર દિવસ'ના રોજ જ સિવિલ હોસ્પિટલે ૨૩૭મા અંગદાનનો આંકડો પાર કર્યો છે. સિવિલ હોસ્પિટલની અંગદાનની આ સફર આંકડાકીય રીતે પણ ખૂબ જ પ્રભાવશાળી છે. અત્યાર સુધીમાં કુલ ૨૩૭ અંગદાનના માધ્યમથી ૭૮૪ અંગો અને ૨૩૭ પેશીઓ પ્રાપ્ત થયા છે. જેમાં ૨૧૧ લીવર, ૪૩૭ કિડની, ૭૫ હૃદય, ૭૪ ફેફસાં અને અન્ય અંગો સહિત કુલ ૧૦૨૧ અંગો-પેશીઓના દાન મેળવીને સિવિલ હોસ્પિટલે રાજ્ય અને દેશમાં એક વિશિષ્ટ સ્થાન પ્રાપ્ત કર્યું છે. જ્યારે કોઈ પરિવાર પોતાના સ્વજનને ગુમાવ્યાના આઘાતની વચ્ચે અન્યને જીવનદાન આપવાનો નિર્ણય લે છે, ત્યારે તે માત્ર તબીબી પ્રક્રિયા નથી રહેતી, પણ માનવતાનો સર્વોચ્ચ ઉત્સવ બની જાય છે. આ તમામ દાતા પરિવારોની ઉદારતા અને સિવિલની ટીમની મહેનતને કારણે જ આજે 'અંગદાન એ મહાદાન' સૂત્ર સાર્થક થઈ રહ્યું છે.

કર્ણાવતી મહાનગરના દરિયાપુર, ખાડિયા અને લાંભા વોર્ડ ખાતે જાહેરસભાઓને સંબોધિત કરતા નાયબ મુખ્યમંત્રીશ્રી હર્ષભાઈ સંઘવી

કોંગ્રેસના શાસનકાળમાં ગુજરાતે અરાજકતા જોઈ અને શ્રી નરેન્દ્રભાઇ મોદીના નેતૃત્વ અને માર્ગદર્શન હેઠળના ભાજપાના શાસનમાં સુશાસન, સુરક્ષા અને વિકાસ - શ્રી હર્ષભાઈ સંઘવી

દરિયાપુર એ માત્ર એક વિસ્તાર નથી, પણ અમદાવાદનું હૃદય છે - શ્રી હર્ષભાઈ સંઘવી

કમલમ્,

નાયબ મુખ્યમંત્રીશ્રી હર્ષભાઈ સંઘવીએ કર્ણાવતી મહાનગરના દરિયાપુર, ખાડિયા અને લાંભા વોર્ડ ખાતે જાહેરસભાઓને સંબોધિત કરી હતી. શ્રી હર્ષભાઈ સંઘવીએ કોંગ્રેસના શાસનકાળની અરાજકતા અને ભાજપના સુશાસન વચ્ચેનો તફાવત સ્પષ્ટ કરતા મતદારોને રાષ્ટ્રહિત અને સુરક્ષા માટે મતદાન કરવા હાકલ કરી હતી. દરિયાપુર ખાતે જનમેદનીને સંબોધતા શ્રી હર્ષ સંઘવીએ જણાવ્યું હતું કે, દરિયાપુર એ માત્ર એક વિસ્તાર નથી, પણ અમદાવાદનું હૃદય છે. અહીંની પોળો, સાંકડી ગલીઓ અને પ્રાચીન મંદિરો આપણી ભવ્ય વિરાસત છે. તેમણે યાદ અપાવ્યું હતું કે આ એ જ ધરતી છે જ્યાંથી લોહપુરુષ સરદાર વલ્લભભાઈ પટેલે ૧૯૧૭માં મ્યુનિસિપલ કાઉન્સિલર તરીકે વિજય મેળવીને જનસેવાનો પ્રારંભ કર્યો હતો. તેમણે કોંગ્રેસ પર આકરા પ્રહાર કરતા કહ્યું કે, કોંગ્રેસના રાજમાં આ શહેર ગુંડાઓના નામે ઓળખાતું હતું, પરંતુ ભાજપના શાસને ગુંડાઓ અને અસામાજિક તત્વોને પાઠ ભણાવી અમદાવાદને ભયમુક્ત બનાવ્યું છે. આજે જ્યાં પણ જરૂર પડે ત્યાં ગુનેગારોની ગેરકાયદેસર મિલકત ઉપર બુલડોઝર ફરી રહ્યું છે. આપણને સૌને ખબર છે કે અપરાધીઓની ગેરકાયદેસર મિલકત ઉપર બુલ્ડોઝર ફરવાથી કઈ પાર્ટીના પેટમાં દુખે છે. તેમણે ઉમેર્યું કે ગરીબોને પાકા મકાન, વીજળી અને પાણી પહોંચાડવાનું કાર્ય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં થયું છે. ખાડિયાની પવિત્ર અને ક્રાંતિકારી ધરતી પર શ્રદ્ધાંજલિ અર્પતા શ્રી સંઘવીએ સ્વ. અશોકભાઈ ભટ્ટને યાદ કર્યા હતા અને ખાડિયાને જનસંઘના ઉદયનું કેન્દ્ર ગણાવ્યો હતો. તેમણે ભૂતકાળને વાગોળતા કહ્યું કે, કોંગ્રેસના સમયમાં ભગવાન જગન્નાથજીની રથયાત્રા કાઢવા માટે પણ સંઘર્ષ કરવો પડતો હતો, રથયાત્રા ઉપર હુમલાઓ, પથ્થરમારો અને ગોળીબાર થતાં જે એ સમયની કથળેલી કાયદો-વ્યવસ્થાનો પુરાવો છે. આજે ભાજપના શાસનમાં દીકરીઓ મોડી રાત સુધી સુરક્ષિત રીતે નવરાત્રીમાં ગરબે ઘૂમી શકે છે. તેમણે અશાંત ધારાને મજબૂત કરવાનો વિરોધ કરનાર પંજાના નિશાન વાળા અને અન્ય પક્ષ પર પ્રહાર કરતા કહ્યું કે, અશાંતધારો મજબૂત થવાથી અમુક પક્ષોને પેટમાં તેલ રેડાયું છે. ગુજરાતના નાગરિકો પર અત્યાચાર કરનાર કોઈને પણ છોડવામાં આવશે નહીં અને હત્યારાઓ જેલમાં જ રહેશે. શ્રી હર્ષ સંઘવીએ મતદારોને ૨૬ તારીખે ભાજપાને મત આપી વિકસિત અને સુરક્ષિત ગુજરાતના સંકલ્પને મજબૂત કરવા આહ્વાન કર્યું હતું. લાંભા ખાતે જાહેરસભામાં શ્રી હર્ષ સંઘવીએ ભાજપ સરકારની વિકાસની રાજનીતિનો ચિતાર રજૂ કર્યો હતો. તેમણે જણાવ્યું હતું કે, લાંભા અને નારોલ સહિતના વિસ્તારોમાં પ્રાથમિક સુવિધાઓને પ્રાધાન્ય આપીને નવી ડ્રેનેજ લાઇન અને રંગોલી નગરમાં જલશુદ્ધિના કામો યુદ્ધના ધોરણે પૂર્ણ કરાયા છે, જેથી ચોમાસામાં પાણી ભરાવાની સમસ્યાનું નિરાકરણ લાવી શકાય. લાંભા તળાવનું લોકાર્પણ અને વિસ્તારમાં રોડ-રસ્તા તેમજ સ્ટ્રીટ લાઈટની સુવિધા સહિતના કાર્યો અંગે તેમણે જણાવ્યું હતું. તેમણે કહ્યું કે, આ વિસ્તારમાં અત્યાધુનિક અર્બન હેલ્થ સેન્ટર અને CHC સેન્ટરનું નિર્માણ થઈ રહ્યું છે, તેમજ સામાજિક પ્રસંગો માટે પાર્ટી પ્લોટની સુવિધા પણ ઉપલબ્ધ કરાવવામાં આવી રહી છે. અંતિમ સંસ્કારની વિધિમાં પણ નાગરિકોને તકલીફ ન પડે તે માટે સ્મશાન ગૃહોનું અપગ્રેડેશન કરી ત્યાં બેસવા અને પાણીની વ્યવસ્થા કરવામાં આવી છે.

આ વિકાસયાત્રાને અવિરત ચાલુ રાખવા માટે તેમણે લાંભાના જાગૃત નાગરિકોનો સહયોગ અને સમર્થનની અપેક્ષા સાથે સૌને ભાજપા તરફી જંગી મતદાન કરવા હાકલ કરી હતી. આ જાહેરસભાઓમાં કર્ણાવતી મહાનગરના અધ્યક્ષશ્રી પ્રેરકભાઈ શાહ, પ્રદેશ કોષાધ્યક્ષશ્રી પરિંદુભાઈ ભગત, સાંસદશ્રી દિનેશભાઈ મકવાણા, ધારાસભ્યશ્રીઓ, સંગઠનના પદાધિકારીઓ, આગેવાનો, અગ્રણીઓ, કાર્યકર્તાઓ અને નગરજનો ઉપસ્થિત રહ્યાં હતાં.

સુરેન્દ્રનગર જિલ્લા કલેકટર શ્રી જી.એચ.સોલંકી દ્વારા મહાત્મા ગાંધી સ્મારક જનરલ હોસ્પિટલની આકસ્મિક મુલાકાત

કમલમ્, સુરેન્દ્રનગર

જિલ્લા કલેકટર શ્રી જી.એચ.સોલંકીએ મહાત્મા ગાંધી સ્મારક જનરલ હોસ્પિટલની અચાનક મુલાકાત લીધી હતી. આ આકસ્મિક મુલાકાત દરમિયાન તેમણે મુખ્ય જિલ્લા તબીબી અધિકારી અને સિવિલ સર્જન શ્રી ચૈતન્ય પરમાર સાથે વિસ્તૃત ચર્ચા કરી હોસ્પિટલમાં ઉપલબ્ધ આરોગ્યલક્ષી સુવિધાઓની જાણકારી મેળવી હતી. કલેક્ટરશ્રીએ હોસ્પિટલના વિવિધ વિભાગોની જાત તપાસ કરી દર્દીઓને અપાતી સેવાઓનું સીધું નિરીક્ષણ કર્યું હતું. કલેક્ટરશ્રીએ સેમ્પલ કલેક્શન રૂમ, ઓપરેશન થિયેટર, નવજાત શિશુ સારવાર કેન્દ્ર (SNCU), મિડવાઈફરી લીડ કેર યુનિટ, સર્જિકલ વોર્ડ, મેલ વોર્ડ અને આઈ (Eye) OPDની રૂબરૂ મુલાકાત લીધી હતી. આ ઉપરાંત, તેમણે હોસ્પિટલના રજીસ્ટરની સઘન ચકાસણી કરી હતી અને વોર્ડમાં દાખલ દર્દીઓ સાથે આત્મીય સંવાદ સાધી, તેમને મળતી સારવાર અંગેનો પ્રતિભાવ મેળવ્યો હતો. હોસ્પિટલ સ્ટાફની કામગીરી, ઈન્ડોર પેશન્ટ ડિપાર્ટમેન્ટ (IPD) અને બેડ ઓક્યુપન્સી રેટ જેવી બાબતોની પણ તેમણે સમીક્ષા કરી હતી. કલેક્ટરશ્રીએ આરોગ્ય સેવાઓ ઉપરાંત વિવિધ રાષ્ટ્રીય કાર્યક્રમો અને યોજનાઓના અમલીકરણ અંગે વિસ્તૃત ચર્ચા કરી હતી; જેમાં પોસ્ટમોર્ટમ, મેડિકો-લીગલ કેસ, બાળકોને અપાતી તમામ રસીઓ, DEIC, એન્ટી-રેબીસ ક્લિનિક, ન્યુટ્રીશન રિહેબિલિટેશન સેન્ટર (NRC), ART ક્લિનિક અને HIV ટ્રેન્ડ, NVHCP, NOHP અને MTP ક્લિનિક જેવી સેવાઓનું મૂલ્યાંકન કરવામાં આવ્યું હતું. સાથે જ, વાહન અકસ્માત સહાય યોજના, સાધન સહાય યોજના, ઝરુ સેતુ યોજના અને RPWD એક્ટ-૨૦૧૬ના અમલીકરણ, મેડિકલ બિલ અને ક્લિનિકલ એસ્ટાબ્લિશમેન્ટ એક્ટના અમલીકરણની પણ સમીક્ષા કરાઈ હતી. તેમણે હોસ્પિટલની તાજેતરની સિદ્ધિઓ અને સુધારાઓ વિશે પણ વિસ્તૃત જાણકારી મેળવી હતી. મુલાકાતના અંતે, કલેક્ટરશ્રીએ હોસ્પિટલના માળખાગત વિકાસ પર ભાર મુક્તા પીવાના પાણીની યોગ્ય વ્યવસ્થા અને પાવર બેકઅપ માટે જનરેટર જેવી પાયાની જરૂરિયાતો અંગે તંત્રને જરૂરી સૂચનો આપ્યા હતા. વધુમાં તેમણે હોસ્પિટલ પ્રશાસનને તાકીદ કરી હતી કે, છેવાડાના માનવીને ગુણવત્તાયુક્ત આરોગ્ય સુવિધાઓ મળવી જોઈએ અને સારવાર અર્થે આવતા કોઈપણ દર્દીને અગવડતા ન પડે તેની ખાસ તકેદારી રાખવી.

કમલમ્,

ભાજપા પ્રદેશ અધ્યક્ષશ્રી જગદીશભાઈ વિશ્વકર્માએ દાહોદ જિલ્લાના ગરબાડા ખાતે શ્રી વિશ્વકર્મા ભગવાનના મંદિરે દર્શન કરી ગુજરાતની જનતાની સુખ, સમૃદ્ધિ અને સુખાકારી માટે ભગવાનને પ્રાર્થના કરી હતી. શ્રી જગદીશભાઈ વિશ્વકર્માએ ગરબાડા ખાતે સહકારી ક્ષેત્રના અગ્રણીઓ અને સામાજિક આગેવાનો સાથે મુલાકાત કરી સંવાદ કર્યો હતો. આ પ્રસંગે તેઓએ ભારતીય જનતા પાર્ટીની વિકાસની રાજનીતિને સમર્થન દર્શાવી આગામી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં ભાજપાને ભવ્ય વિજય અપાવવા હાકલ કરી હતી.

કમલમ્,

ભાજપા પ્રદેશ અધ્યક્ષ શ્રી જગદીશભાઈ વિશ્વકર્માએ આજે ભરૂચ જિલ્લાના સામાજિક આગેવાનો સાથે સંવાદ કર્યો હતો. તેમણે ગુજરાતમાં છેલ્લા ૩ દાયકાના ભારતીય જનતા પાર્ટીના શાસન દરમિયાન થયેલી ગુજરાતની કાયાપલટ, વિવિધ વિકાસકાર્યો અને સરકારની જનહિતની યોજનાઓ અંગે સૌ આગેવાનો સાથે વાર્તાલાપ કરી ગુજરાતની આ અવિરત વિકાસયાત્રાને વધુ વેગ આપવા આગામી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં ભાજપાને ભવ્ય અપાવવા અપીલ કરી હતી.

સુરેન્દ્રનગર જિલ્લામાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ અંતર્ગત સઘન મતદાર જાગૃતિ અભિયાન અને EVM નિદર્શન કાર્યક્રમ યોજાયા

જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી જી.એચ.સોલંકીના માર્ગદર્શન હેઠળ શાળાઓમાં 'સ્વીપ' પ્રવૃતિઓ અને જાહેર સ્થળોએ ઈફર ડેમોસ્ટ્રેશન દ્વારા જનજાગૃતિનો પ્રયાસ

કમલમ્, સુરેન્દ્રનગર

સુરેન્દ્રનગર જિલ્લામાં આગામી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ-૨૦૨૬ અંતર્ગત જિલ્લા પંચાયત, તાલુકા પંચાયત, મહાનગરપાલિકા અને નગરપાલિકાઓની સામાન્ય તેમજ પેટા ચૂંટણીઓમાં મહત્તમ મતદાન થાય તેવા ઉમદા હેતુથી વ્યાપક ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. જિલ્લા કલેક્ટર અને જિલ્લા ચૂંટણી અધિકારી શ્રી જી.એચ. સોલંકીના સીધા માર્ગદર્શન હેઠળ સમગ્ર જિલ્લામાં મતદાર જાગૃતિ અભિયાન (SVEEP) વેગવંતુ બનાવવામાં આવ્યું છે, જેથી લોકશાહીના આ પર્વમાં નાગરિકો ઉત્સાહપૂર્વક સહભાગી બને. આ અભિયાનના ભાગરૂપે સુરેન્દ્રનગર જિલ્લાની વિવિધ તાલુકાઓની શાળાઓમાં વિદ્યાર્થીઓ દ્વારા અનેકવિધ રચનાત્મક પ્રવૃતિઓ કરવામાં આવી રહી છે. જેમાં મતદાર જાગૃતિ અંગેની રેલીઓ, આકર્ષક રંગોળીઓ, પ્રેરણાદાયી સ્લોગન, ચિત્ર સ્પર્ધા અને પોસ્ટર પ્રદર્શન દ્વારા લોકોને મતદાનનું મહત્વ સમજાવવામાં આવી રહ્યું છે. આ પ્રવૃતિઓ દ્વારા ગ્રામ્ય અને શહેરી વિસ્તારોમાં ચૂંટણી પ્રક્રિયા પ્રત્યે સભાનતા કેળવવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. વધુમાં, જિલ્લાના તમામ ચૂંટણી અધિકારીઓના સંકલન હેઠળ ઝોનલ અધિકારીઓ દ્વારા જાહેર સ્થળોએ રૂબરૂ જઈને ઈવીએમ (EVM) મશીન અંગેનું નિદર્શન કરવામાં આવ્યું હતું. સામાન્ય જનતામાં ઈવીએમ દ્વારા મતદાન કરવાની પ્રક્રિયા અંગેની મુંઝવણો દૂર થાય અને પારદર્શિતા વધે તે માટે સ્થળ પર જ ડેમોસ્ટ્રેશન આપીને લોકોને વિસ્તૃત સમજ પૂરી પાડવામાં આવી રહી છે. આમ, સુરેન્દ્રનગર વહીવટી તંત્ર દ્વારા વિવિધ માધ્યમોથી મતદારોને જાગૃત કરી આગામી ચૂંટણીમાં વધુમાં વધુ મતદાન થાય તેવા પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે.

સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી અંતર્ગત ભાજપાના પ્રચાર અભિયાન અન્વયે વડોદરા જિલ્લાના કરજણ અને ડભોઈ ખાતે ભાજપા પ્રદેશ અધ્યક્ષશ્રી જગદીશભાઈ વિશ્વકર્માની ઉપસ્થિતિમાં 'વિકાસ સંકલ્પ સભા' યોજાઈ

પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીના નેતૃત્વ હેઠળ ગુજરાતે વિકાસના નવા માપદંડો સ્થાપિત કર્યા છે - શ્રી જગદીશભાઈ વિશ્વકર્મા

'જ્યાં માનવી ત્યાં સુવિધા' એ ભાજપની હંમેશાની નીતિ રહી છે, મોદી સરકાર દ્વારા અમલમાં મુકાયેલી અનેક જનકલ્યાણકારી યોજનાઓ તેનો જીવંત દાખલો છે. - શ્રી જગદીશભાઈ વિશ્વકર્મા

કમલમ્,

સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીના અનુસંધાને વડોદરા જિલ્લાના કરજણ અને ડભોઈ ખાતે ગુજરાત પ્રદેશ ભાજપ અધ્યક્ષ શ્રી જગદીશભાઈ વિશ્વકર્માની ઉપસ્થિતિમાં 'વિકાસ સંકલ્પ સભા' યોજાઈ હતી. આ પ્રસંગે શ્રી જગદીશભાઈ વિશ્વકર્માએ તેમના સંબોધનમાં જણાવ્યું હતું કે પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીજીના નેતૃત્વમાં વિકાસની ભેટ માત્ર ગુજરાતને જ નહીં, પરંતુ સમગ્ર દેશને પ્રાપ્ત થઈ છે. તેમણે ઉમેર્યું હતું કે લગભગ ૩૦ વર્ષ પહેલા રાજ્યની સ્થિતિ ખૂબ જ પડકારજનક હતી, પરંતુ શ્રી મોદીજીના નેતૃત્વ હેઠળ ગુજરાતે વિકાસના નવા માપદંડો સ્થાપિત કર્યા છે અને હવે દેશ પણ એ જ માર્ગ પર આગળ વધી રહ્યો છે. ભૂતકાળની પાણીની સમસ્યાનો ઉલ્લેખ કરતાં શ્રી વિશ્વકર્માજીએ જણાવ્યું હતું કે પહેલા સૌરાષ્ટ્ર અને કચ્છમાં પાણીની તંગીને કારણે લોકો સ્થળાંતર કરતા હતા, પરંતુ આજે ભાજપા સરકારમાં ગુજરાતના ખૂણે ખૂણે પાણી પહોંચાડવામાં આવ્યું છે. કોંગ્રેસ પર પ્રહાર કરતાં તેમણે જણાવ્યું હતું કે કોંગ્રેસે સરદાર સરોવર બંધની ઊંચાઈ વધારવા વર્ષો સુધી મંજૂરી આપી નહોતી, જેના કારણે અનેક લોકોને મુશ્કેલીઓનો સામનો કરવો પડ્યો. જ્યારે પ્રધાનમંત્રી બન્યા પછી માત્ર ૧૭ દિવસમાં મોદીજીએ તેની મંજૂરી આપી હતી. મોદી સરકાર દ્વારા ખેડૂતો માટે લેવામાં આવેલા પગલાંનો ઉલ્લેખ કરતાં શ્રી જગદીશભાઈએ પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ, ટ્રેક્ટર સબસીડી, કિસાન સૂર્યોદય યોજના, અતિવૃષ્ટિ દરમિયાન ૧૦,૦૦૦ કરોડનું પેકેજ અને ૧૫,૦૦૦ કરોડની ટેકાના ભાવે ખરીદી જેવા નિર્ણયોની માહિતી આપી. પ્રદેશ અધ્યક્ષશ્રીએ જણાવ્યું હતું કે ભાજપનું સૂત્ર જ્યાં માનવી ત્યાં સુવિધા છે, જેના અંતર્ગત આયુષ્માન યોજના, શૌચાલય નિર્માણ, નળ સે જળ યોજના, ૨૪ કલાક વીજળી અને ઉજ્જવલા યોજના દ્વારા ગેસ સિલિન્ડર જેવી સુવિધાઓ લોકોને ઉપલબ્ધ કરાવવામાં આવી છે. સાથે જ તેમણે જણાવ્યું હતું કે પીએમ સૂર્ય ઘર યોજના અંતર્ગત રાજ્યમાં ૧૦ લાખથી વધુ ઘરો પર સોલાર પેનલ સ્થાપિત કરવામાં આવી છે, જે સામાન્ય જનતાને ઊર્જા ક્ષેત્રે સશક્ત બનાવી રહી છે. સ્થાનિક વિકાસ અંગે તેમણે ડભોઈ ટ્રેન સેવા શરૂ થવાનો ઉલ્લેખ કર્યો અને સ્થાનિક ઉદ્યોગોના વિકાસ માટે વાયબ્રન્ટ સમિટને મહત્વપૂર્ણ ગણાવી તેનું શ્રેય મોદીજીના દ્રષ્ટિકોણને આપ્યું. આજે કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષ શ્રી ખડગે દ્વારા પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી અંગે કરવામાં આવેલા નિવેદન પર તેમણે આક્રોશ વ્યક્ત કર્યો અને જણાવ્યું હતું કે પ્રધાનમંત્રીનું અપમાન માત્ર વ્યક્તિગત અપમાન નથી, પરંતુ ૧૪૦ કરોડ દેશવાસીઓનું અપમાન છે.'' તેમણે જનતાને આ મુદ્દે કોંગ્રેસને યોગ્ય જવાબ આપવા આહવાન કર્યું હતું. આગળ તેમણે જણાવ્યું હતું કે કોંગ્રેસે દેશહિતના દરેક મહત્વપૂર્ણ નિર્ણયોનો વિરોધ કર્યો છે, જેમાં રામ મંદિર નિર્માણ, કલમ ૩૭૦નું રદ કરવું, CAA અમલમાં લાવવું અને ડિજિટલ ભારત જેવા મોટા પગલાંનો સમાવેશ થાય છે. આ સભા દરમિયાન શ્રી જગદીશભાઈ વિશ્વકર્માને ભેટ રૂપે મળેલ નોટબુક દીકરીઓને અર્પણ કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં વડોદરા જિલ્લા ભાજપા અધ્યક્ષશ્રી બી. જે. બ્રહ્મભટ્ટ, પ્રભારીશ્રી ડૉ. ઋત્વિજભાઈ પટેલ, પૂર્વ મંત્રીશ્રી અક્ષયભાઈ પટેલ, ધારાસભ્યશ્રીઓ, સંગઠનના પદાધિકારીઓ, આગેવાનો, અગ્રણીઓ તથા મોટી કાર્યકરો અને નાગરિકો ઉપસ્થિત રહ્યાં હતાં.

વાગરાના ગંધાર ખાતે અગરિયા કામદારોમાં મતદાન જાગૃતિનો વિશેષ કાર્યક્રમ યોજાયો

કમલમ્, ભરૂચ

ભરૂચ જિલ્લામાં આગામી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી-૨૦૨૬ અંતર્ગત મહત્તમ મતદાન થાય અને લોકશાહીના આ પર્વમાં છેવાડાના માનવી સુધી જાગૃતિ આવે તે માટે જિલ્લા ચૂંટણી તંત્ર સક્રિય બન્યું છે. આ અભિયાનના ભાગરૂપે ગંધાર, તા. વાગરા ખાતે સ્વેપ નોડેલ અધિકારી અને જિલ્લા શિક્ષણાધિકારી કચેરીના પ્રતિનિધિઓ દ્વારા વિશેષ જનજાગૃતિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. વાગરા તાલુકાના દરિયાકાંઠાના મીઠા ઉદ્યોગમાં રોકાયેલા કામદારો પોતાના મતાધિકારથી વંચિત ન રહે તે માટે અધિકારીઓએ રૂબરૂ મુલાકાત લીધી હતી. અગરિયા ભાઈઓ-બહેનોને આગામી તારીખ ૨૬ એપ્રિલના રોજ યોજાનાર મતદાન પ્રક્રિયામાં અચૂક ભાગ લેવા અને લોકશાહીને મજબૂત બનાવવા માટે સમજ આપવામાં આવી હતી. આ તકે તમામ કામદારોએ ઉત્સાહપૂર્વક મતદાન કરવાના શપથ લીધા હતા. ટીમ દ્વારા ગંધારના સ્થાનિક રહેણાંક વિસ્તારોમાં ઘરોની મુલાકાત લઈને મતદારોને પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.

અમદાવાદ ગ્રામ્યની શાળાઓમાં રંગોળી અને મહેંદી દ્વારા અપાયો મતાધિકારનો સંદેશ

કમલમ્,

આગામી ૨૬ એપ્રિલના રોજ યોજાનારી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓમાં લોકજાગૃતિ લાવવાના ઉમદા હેતુથી અમદાવાદ ગ્રામ્ય જિલ્લામાંS VAP(State VOers Awareness Programme) અંતર્ગત અનેરા ઉત્સાહ સાથે વિવિધ કાર્યક્રમો યોજાઈ રહ્યા છે. આ શ્રેણીમાં તાજેતરમાં જિલ્લા શિક્ષણાધિકારીની કચેરીના માર્ગદર્શન હેઠળ જિલ્લાની ૬૨૦ જેટલી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં રંગોળી અને

મહેંદી સ્પર્ધાનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. શાળાઓના આંગણે વિદ્યાર્થીઓએ રંગબેરંગી રંગોથી મતદાનની અનિવાર્યતા દર્શાવતી કલાત્મક રંગોળીઓ કંડારી હતી, તો બીજી તરફ વિદ્યાર્થીનીઓએ પોતાની હથેળીઓમાં મતદાન જાગૃતિના સૂત્રો સાથેની આકર્ષક મહેંદી મૂકીને સૌનું ધ્યાન ખેંચ્યું હતું. આ રચનાત્મક અભિયાનમાં જિલ્લાભરમાંથી અંદાજે ૩૭,૯૭૬ જેટલા વિદ્યાર્થીઓ, વાલીઓ અને સ્ટાફ સભ્યોએ સક્રિયપણે ભાગ લીધો હતો. 'યુવા હો તુમ દેશ કી શાન, જાગેગા મતદાતા-જાગેગા મતદાન' જેવા પ્રેરણાદાયી સૂત્રો અને ચિહ્નો દ્વારા વિદ્યાર્થીઓએ લોકશાહીના પર્વને ઉજજવળ બનાવવા માટે નાગરિકોને અનુરોધ કર્યો હતો. ખાસ કરીને વાલીઓની ઉપસ્થિતિમાં યોજાયેલા આ કાર્યક્રમે કૌટુંબિક સ્તરે પણ મતદાન પ્રત્યેની જવાબદારીનો અહેસાસ કરાવ્યો છે. જિલ્લા શિક્ષણાધિકારી અને નોડલ ઓફિસર S VAPના જણાવ્યા મુજબ, કલાના આ માધ્યમ દ્વારા સામાન્ય જનતા સુધી મતદાનનો સંદેશ અસરકારક રીતે પહોંચ્યો છે, જે આગામી ચૂંટણીમાં મતાધિકારના ઉપયોગ માટે લોકોને પ્રોત્સાહિત કરશે.

રાજકોટ વિંછીયા માર્કેટ યાર્ડ ખાતે સ્થાનિક સ્વરાજયની ચૂંટણીમાંમતદાનના શપથ લેવાયા

'જાગૃત મતદાર, રહેશે તૈયાર'ના સંકલ્પ સાથે ટેનિસ સ્ટાર શ્રી અંકિતા રૈનાનું બેનર લગાવાયું

કમલમ્, રાજકોટ

ગુજરાત રાજ્ય ચૂંટણી આયોગદ્વારા આગામી સમયમાં યોજાનારી સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાઓની ચૂંટણીમાં મહત્તમ મતદાન થાય તે હેતુથી રાજકોટ જિલ્લા વહીવટી તંત્ર મતદાન જાગૃત્તિ ઝુંબેશ ચલાવી રહયુંછે. લોકશાહીના પાયાને મજબૂત કરવા માટે દરેક નાગરિક જાગૃત બનેઅને ૨૬ એપ્રિલના રોજપોતાના મતાધિકારનો ઉપયોગ કરેતે જરૂરી છે. જેને ધ્યાને લઈને રાજકોટ જિલ્લાના વિંછીયામાં એ.પી.એમ.સી. (એગ્રીકલ્ચર પ્રોડ્યુસ માર્કેટ કમિટી) ખાતે શપથ ગ્રહણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યુહતું. આ પ્રસંગે મતદાનનો સંદેશ આપતું બેનરપ્રદર્શિત કરવામાં આવ્યુહતું. જેમાં ભારતની નંબર ૧ ગોલ્ડ મેડાલિસ્ટ ટેનિસ ખેલાડી શ્રી અંકિતા રૈનાનો પ્રેરણાદાયી સંદેશ દર્શાવવામાં આવ્યો હતો. આ બેનર થકી મતદારોને sec.guja®a.gov.in વેબસાઈટ પર જઈને મતદાર યાદીમાં પોતાનું નામ ચકાસી લેવા અને 'જાગૃત મતદાર, રહેશે તૈયાર'ના સંકલ્પ સાથે મતદાન કરવા પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. તેમજ સ્ટાફે લોકશાહીના ઘડતરમાં પોતાનું યોગદાન આપવાના શપથ લીધા હતા. આમ, રાજકોટ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા ચૂંટણી પ્રક્રિયામાં લોકોની ભાગીદારી વધારવાના સંનિષ્ઠ પ્રયાસો કરવામાં આવી રહ્યા છે.

અમદાવાદની અમૃતા વિદ્યાલયમાં 'સ્વેપ' અભિયાન અંતર્ગત મતદાન જાગૃતિના શપથ લેવાયા

કમલમ્,

આગામી તા. ૨૬ એપ્રિલના રોજ યોજાનારી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓમાં ૧૦૦% મતદાન સુનિશ્ચિત કરવાના ઉમદા હેતુથી અમદાવાદની શાળાઓમાં 'સ્વેપ'(SVAP) અભિયાન પૂરજોશમાં ચાલી રહ્યું છે. આ કાર્યક્રમ અંતર્ગત ઘાટલોડિયા સ્થિત અમૃતા વિદ્યાલય ખાતે શિક્ષકો દ્વારા એક મતદાન જાગૃતિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. શિક્ષકોએ પોતાની મૌલિક શૈલીમાં લોકશાહીના પર્વની મહત્તા સમજાવતા 'શિક્ષિત મતદાતા, સચેત મતદાતા'ના મંત્રને સમગ્ર વાતાવરણમાં ગુંજતો કર્યો હતો. લોકશાહીના પાયાને વધુ સુદ્રઢ બનાવવાના સંકલ્પ સાથે શાળાના તમામ સ્ટાફ સભ્યોએ સામૂહિક મતદાનના શપથ ગ્રહણ કર્યા હતા. જિલ્લા શિક્ષણાધિકારી શ્રી આર. એમ. ચૌધરીના માર્ગદર્શન હેઠળ ચાલતા આ અભિયાનમાં અમૃતા વિદ્યાલયના શિક્ષકોએ જાગૃત નાગરિક તરીકેની પોતાની ભૂમિકા સુપેરે નિભાવી હતી. લોકશાહીના આ મહાપર્વમાં દરેક નાગરિક પોતાની ફરજ સમજીને મતદાન કરે તેવો સંદેશ આ કાર્યક્રમ દ્વારા વહેતો કરવામાં આવ્યો હતો.

રાજકોટ: ઔદ્યોગિક એકમોમાં મતદાનના સપથ

મજબૂત લોકશાહી, સશક્ત રાષ્ટ્રના નિર્માણમાં મહિલાઓની સહભાગિતા

કમલમ્, રાજકોટ

શ્રમિક મહિલાઓ મતદાનનું મહત્વ સમજે તે માટે ઔદ્યોગિક એકમોમાં મતદાન જાગૃતિ કાર્યક્રમો હાથ ધરવામાં આવી રહ્યા છે. રાજકોટ જિલ્લાના લોધીકા ઈન્ડસ્ટ્રીયલ ઝોનમાં પ્રોટેક કંપનીમાં કાર્યરત મહિલાઓએ આજરોજ "અમે મતદાન ચોક્કસ કરીશું"ના શપથ લીધા હતાં. વિવિધ ઉત્પાદન કરતા એકમોમાં ચોકસાઈ સાથે કામ કરતી મહિલાઓ સશક્ત રાષ્ટ્રના નિર્માણની સાથોસાથ લોકશાહીને મજબૂત કરવાની જવાબદારીને પણ વહન કરતી જોવા મળી રહીછે. રાજકોટ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા મતદાન જાગૃતિની પહેલને ઔદ્યોગિક એકમો વધાવી વધુને વધુ લોકો મતદાન કરેતે માટે પ્રેરણા પુરી પાડી રહ્યા છે.

ભરૂચ જિલ્લાની શાળાઓમાં મતદાન જાગૃતિ અંતર્ગત વિવિધ કાર્યક્રમો યોજાયા



કમલમ્, ભરૂચ

ગુજરાત રાજય ચૂંટણી આયોગ, ગાંધીનગર દ્વારા સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની સામાન્ય/પેટા ચુંટણીઓ એપ્રિલ-૨૦૨૬ તા.૦૧/૦૪/૨૦૨૬ના રોજ જાહેર કરવામાં આવેલ છે. જે પૈકી ચૂંટણી હેઠળના વિસ્તારોમાં તા.૨૬/૦૪/૨૦૨૬ના રોજ મતદાન થનાર છે. મતદાનની આ પ્રક્રિયામાં નાગરીકો ઉત્સાહ પૂર્વક ભાગ લઈ લોકશાહીમાં પોતની ભાગીદારી નોંધાવે તે માટે ભરૂચ જિલ્લા ચૂંટણી તંત્ર અને જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી દ્વારા જાગૃતિના વિવિધ કાર્યક્રમો હાથ ધરવામાં આવેલ છે. જિલ્લાના મતદાતાઓમાં જાગૃતિ લાવવા માટે સ્વીપ પ્રવૃતિ અંતર્ગત જિલ્લાની વિવિધ શાળાઓમાં ફુલ શણગાર સ્પર્ધા, ચિત્ર સ્પર્ધા, પોસ્ટર મેકિંગ, બ્લેક બોર્ડ ડિઝાઈનિંગ તેમજ મતદાન જાગૃતિ રેલી જેવા વિવિધ કાર્યક્રમો યોજવામાં આવ્યા હતા. શાળાના છાત્રોએ વિવિધ કાર્યક્રમોમાં ભાગ લઈ લોકોને મતદાન કરવા પ્રેરણા પૂરી પાડી હતી.

નર્મદા જિલ્લામાં ભાજપની લહેર

ગામે ગામ જનસમર્થનનો જ્વાર, "સૌનો સાથ, સૌનો વિકાસ"ને મળી રહ્યો ભારે પ્રતિસાદ

કમલમ્, નર્મદા

આવનારી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીને લઈને નર્મદા જિલ્લામાં રાજકીય માહોલ ગરમાયો છે. જિલ્લા પંચાયત, તાલુકા પંચાયત અને નગરપાલિકાની ચૂંટણીમાં ભારતીય જનતા પાર્ટી (ભાજપ)ને ગામે ગામથી જંગી જનસમર્થન મળી રહ્યું હોવાનું સ્પષ્ટ દેખાઈ રહ્યું છે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં યોજાઈ રહેલી સભાઓ, મિટિંગો અને જનસંપર્ક કાર્યક્રમોમાં મોટી સંખ્યામાં લોકો ઉત્સાહપૂર્વક જોડાઈ રહ્યા છે. ભાજપના કાર્યકર્તાઓ અને નેતાઓ દ્વારા "સૌનો સાથ, સૌનો વિકાસ"ના મંત્ર સાથે લોકો સુધી પહોંચતા વિકાસના કામો અને સરકારની યોજનાઓને લઈને સકારાત્મક વાતાવરણ સર્જાયું છે. સ્થાનિક લોકોનો મત છે કે છેલ્લા કેટલાય વર્ષોમાં થયેલા વિકાસકાર્યોના કારણે ભાજપ પ્રત્યે વિશ્વાસ વધ્યો છે. રસ્તા, પાણી, વીજળી, આરોગ્ય અને શિક્ષણ જેવા મૂળભૂત સુવિધાઓમાં થયેલા સુધારાઓને કારણે ગ્રામજનોમાં ખુશીની લાગણી જોવા મળી રહી છે. ભાજપના ઉમેદવારો માટે ગામે ગામથી મજબૂત સમર્થન મળી રહ્યું છે, જેના કારણે આવનારી ચૂંટણીમાં ભાજપને જિલ્લા પંચાયત, તાલુકા પંચાયત અને નગરપાલિકામાં જંગી જીત મળશે તેવો વિશ્વાસ વ્યક્ત કરવામાં આવી રહ્યો છે. ભાજપના આગેવાનો જણાવે છે કે, "આ જનસમર્થન વિકાસની રાજનીતિની જીત છે. લોકો વિકાસ સાથે છે અને વિકાસ માટે મત આપશે." નર્મદા જિલ્લામાં હાલનો માહોલ સ્પષ્ટ સૂચવે છે કે ભાજપ માટે જીતનો માર્ગ મજબૂત બની રહ્યો છે અને "સૌનો સાથ, સૌનો વિકાસ"નો સંદેશ દરેક ઘરમાં પહોંચી રહ્યો છે.

વલસાડમાં પુસ્તક પરબના ચતુર્થ વાર્ષિક ઉત્સવમાં મતદાર જાગૃતિ માટે શપથવિધિ યોજાઈ

કમલમ્, વલસાડ

વલસાડ ખાતે આવેલા શ્રી મોરારજી દેસાઈ ઓડિટોરિયમ હોલમાં પુસ્તકપરબ વલસાડના ચતુર્થ વાર્ષિક ઉત્સવ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં આગામી તા.૨૬ એપ્રિલના રોજ યોજાનાર સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં વધુમાં વધુ મતદાન થાય તે માટે મતદાર જાગૃતિ માટે વિશેષ શપથવિધિ કાર્યક્રમનુ આયોજન સ્વીપ મેનેજમેન્ટના નોડલ અધિકારી – વ – જિલ્લા શિક્ષણાધિકારી ડો.રાજેશ્રી ટંડેલની ઉપસ્થિતિમાં કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં મુખ્ય અતિથિ તરીકે પ્રસિદ્ધ કવિ અને માનોચિકિત્સક ડો. મુકુલ ચોક્સી ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમ દરમિયાન આશરે ૧૫૦ જેટલા શિક્ષકો તેમજ અન્ય મહાનુભાવોએ લોકશાહી પ્રત્યેની જવાબદારી નિભાવવા મતદાન માટે જાગૃત રહેવાની શપથ લીધી હતી. આ કાર્યક્રમ દ્વારા મતદાર જાગૃતિ માટે એક સકારાત્મક સંદેશો પ્રસર્યો હતો.

ધરમપુર ખાતે શ્રી રામકૃષ્ણ મંદિરનો ઉદ્ઘાટન અને લોકાર્પણ સમારોહ સંપન્ન

વિદ્યાર્થીઓ અહીં આવી ધ્યાન કરશે તો વિદ્યાર્થીઓમાં નવી શૈક્ષણિક ચેતનાનો સંચાર થશે : સ્વામી નિખિલેશ્વરાનંદજી

કમલમ્, ધરમપુર

શ્રી રામકૃષ્ણ - વિવેકાનંદ સેવા સમિતિ ટ્રસ્ટ, ધરમપુરના ઉપક્રમે રાજમહેલ રોડ સ્થિત નવનિર્મિત શ્રી રામકૃષ્ણ મંદિરનું ઉદ્ઘાટન તથા લોકાર્પણ અક્ષય તૃતીયાના પાવનદિને શ્રી રામકૃષ્ણ અદ્વૈત આશ્રમ, વારાણસીના અધ્યક્ષ શ્રીમત સ્વામી વિશ્વાત્માનંદજી મહારાજના વરદહસ્તે તથા શ્રી રામકૃષ્ણ આશ્રમ રાજકોટના સ્વામી નિખિલેશ્વરાનંદજી મહારાજના પાવન સાનિધ્યમાં યોજાયો હતો

આ મંદિર ધરમપુર નગર માટે આધ્યાત્મિક ધરોહરનું મુખ્ય કેન્દ્ર બની રહેશે સવારે ૭:૩૦ કલાકે મંદિરનું મંગલ ઉદ્ઘાટન વેળાયે ઉપસ્થિત નવ જેટલા સન્યાસીવૃંદો - ગુજરાત રામકૃષ્ણ ભાવપ્રચાર પરિષદના સભ્યો, નગર અને આસપાસના આદિવાસી વિસ્તારના ભક્તગણોએ મંદિરની ફરતે ફરી વૈદિક મંત્રોચાર કરતા સમગ્ર વાતાવરણને આધ્યાત્મિક રંગે રંગી દીધું હતું, બાદ સ્વામી વિશ્વાત્માનંદજી મહારાજે રીબીન કાપી અને તકતી અનાવરણ કરી મંદિર સૌ ભક્તો માટે મંદિરનું ઉદ્ઘાટન અને લોકાર્પણ કર્યું હતું મંદિરે પ્રવેશ બાદ વૈદિક શાસ્ત્રોક્ત વિધિ મુજબ પૂજા અને હવન, ભોગ આરતી કરવામાં આવી હતી, બાદ સ્થાપક ડો દોલતભાઈ દેસાઈએ પ્રાસંગિક પ્રવચન કર્યું હતું. સાડા દશ વાગ્યે આયોજિત જાહેરસભામાં શ્રી રામકૃષ્ણ આશ્રમ રાજકોટના સ્વામી નિખિલેશ્વરાનંદજીએ જણાવ્યું કે ધરમપુરમાં હવે ઠાકુર બિરાજમાન થઈ ગયા છે અહીંથી વિદ્યાર્થીઓમાં નવી ચેતનાનો સંચાર થશે અને વધુને વધુ વિદ્યાર્થીઓ સહીત તમામ નગરજનો અને આસપાસના આદિવાસી ભાઈ બહેનો અહીં આવી પ્રાર્થના ધ્યાન જપ કરશે તો ચોક્કસ માનસિક શાંતિ મેળવશે ઉદ્ઘાટક સ્વામી વિશ્વાત્માનંદજી મહારાજે જણાવ્યું કે "શ્રી રામકૃષ્ણ સૌના છે" આ પરિસરમાં કોઈ પણ ધર્મના લોકો આવી શકે, જે રામ હતા જે કૃષ્ણ હતા એ જ હવે સાંપ્રત સમયમાં રામકૃષ્ણ બની આવ્યા છે, આજે ઉદ્ઘાટીત થયેલા મંદિરમાં ખાસ કરીને વિદ્યાર્થીઓ આવશે તો એમના જીવનમાં આમુલ પરિવર્તન આવશે, સ્વામીજીયે ઉપસ્થિત આદિવાસી ભાઈ બહેનોને વધુમાં વધુ આ મંદિર પરિસર અને ટ્રસ્ટ દ્વારા થતી વિવિધ પ્રવૃતિઓનો પણ લાભ લેવા અનુરોધ કર્યો હતો આ પ્રસંગે સ્વામી આત્મદિપાનંદજી (પોરબંદર), સ્વામી સુખાનંદજી (ભુજ), સ્વામી પ્રભુસેવાનંદજી (અમદાવાદ), સ્વામી ગુણાશ્રેયાનંદજી (લીંબડી), સ્વામી સેવાવ્રતાનંદજી (બિલાસપુર), સ્વામી ઈષ્ટમયાનંદજી (વડોદરા) અને સ્વામી મંત્રેશાનંદજી (આદિપુર) સહિતના સન્યાસીવૃંદો - સંતો આ પાવન પ્રસંગે પ્રેરક ઉદબોધન કર્યા હતા, શ્રી રામકૃષ્ણ - વિવેકાનંદ સેવા સમિતિ ટ્રસ્ટના તમામ સભ્યોની કામગીરી ઉપસ્થિત સૌએ વખાણી હતી આ પ્રસંગને વધવવા સમગ્ર ગુજરાતભરમાંથી ઠાકુરભક્તો જોડાયા હતા. આ પ્રસંગે ટ્રસ્ટના રાહુલભાઈ વસાણી, મુકેશભાઈ મેરાઈ, ગીરીશભાઈ સોલંકી, હિતેષભાઈ મેરાઈ, ઉદયભાઈ પટેલ, હિરેનભાઈ પટેલ જેવા ટ્રસ્ટીઓ, નગરના અગ્રણીઓ, પાલિકાના કોર્પોરેટરો, સામાજિક કાર્યકર્તાઓ, આદિવાસીઓ વિસ્તારના ભાઈ-બહેનો, પત્રકારો મોટી સંખ્યામાં જોડાયા હતા, કાર્યક્રમનું સંચાલન અને આભારવિધિ પ્રતિક ક્રોટકેઆટોપી હતી.

રાજકોટ મહાનગરપાલિકાના વોર્ડનં.૭, ૮અને ૯ માટેઈવીએમ કમિશનિંગની પ્રક્રિયા પૂર્ણ

કમલમ્, રાજકોટ

૨૬ એપ્રિલના રોજ યોજાનારી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી-૨૦૨૬ના મતદાન અન્વયે રાજકોટ મહાનગરપાલિકાના ૭, ૮ અને ૯ વોર્ડ માટે ઈવીએમ કમિશનિંગની પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. સવારે ૮ કલાકથી વિરાણી સ્કૂલ કેમ્પસમાં આયોજિત આ ઈવીએમ કમિશનિંગ પ્રક્રિયામાં ઉમેદવારોની ઉપસ્થિતિમાં સ્ટ્રોંગ રૂમ ખોલી વોર્ડ પ્રમાણે કમિશનિંગ કરવામાં આવ્યું હતું. ૧૮ ટેબલમાં ૯૦ કર્મચારીઓના સ્ટાફ સાથે ૧૭૧ બૂથ અને ૨૦ ટકા રીઝર્વ મશીનોનું કમિશનિંગ કરવામાં આવ્યુંહતું. કમિશનિંગ દરમિયાન ઈવીએમ મશીનમાં બેલેટ પેપર સેટ કરવા અને મશીનોનું સીલિંગ કરવા સહિતની કામગીરી હાથ ધરાઈ હતી. રાજકોટ જિલ્લા ચૂંટણી અધિકારી ડો. ઓમ પ્રકાશે સમગ્ર કામગીરીનું ઝીણવટભર્યુંનિરીક્ષણ કરી જરૂરી માર્ગદર્શન આપ્યું હતું. આ તકે અધિક જિલ્લા ચૂંટણી અધિકારી શ્રી એન.કે. મુછાર, આ ત્રણેય વોર્ડના ચૂંટણી અધિકારી શ્રી અજય ઝાપડા સહિતના સંબંધિત અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. વોર્ડ નંબર ૭ માં ૬૦ બેલેટ યુનિટ અને ૬૦ કંટ્રોલ યુનિટ, વોર્ડ નંબર ૮ માં ૭૦ બેલેટ યુનિટ અને ૭૦ કંટ્રોલ યુનિટ તેમજ વોર્ડ નંબર ૯ માં ૮૦ બેલેટ યુનિટ અને ૮૦ કંટ્રોલ યુનિટનું કમિશનિંગ કરવામાં આવ્યું હતું. આ સમગ્ર પ્રક્રિયા પૂર્ણ થયા બાદ તમામ મશીનોને ફરી સ્ટ્રોંગ રૂમમાં રાખવામાં આવ્યા હતા.

જૂનાગઢ જિલ્લામાં મતદાન જાગૃતિ અભિયાન વ્યાપક બન્યું

તાલુકા કક્ષાએ અને ગ્રામ્ય વિસ્તારોમાં વિદ્યાર્થીઓએ રેલીના માધ્યમથી અચૂક મતદાનનો સંદેશ આપ્યો

કમલમ્, જૂનાગઢ

રાજ્ય ચૂંટણી પંચના માર્ગદર્શન હેઠળ આગામી ચૂંટણીમાં વધુમાં વધુ મતદાન થાય તેવા ઉમદા હેતુથી આજે જૂનાગઢ જિલ્લામાં વ્યાપક સ્તરે મતદાન જાગૃતિ કાર્યક્રમો યોજવામાં આવ્યા હતા. જૂનાગઢ જિલ્લા ચૂંટણી અધિકારી અને સ્વીપ (SVEEP) નોડલ અધિકારીની સૂચના અન્વયે આજે જિલ્લાના તમામ તાલુકાઓમાં મતદાન જાગૃતિ રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓએ જોડાઈને મતદાન જાગૃતિ માટેનો સંદેશ આપ્યો હતો. આમ, નાગરિકોને મતદાનના પવિત્ર અધિકાર પ્રત્યે જાગૃત કરવામાં આવ્યાં હતા. જિલ્લામાં યોજાયેલી આ રેલીઓમાં શાળાના વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લઈ ગામ અને શહેરના વિવિધ માર્ગો પર ભ્રમણ કર્યું હતું. આ અભિયાન દ્વારા ખાસ કરીને મહિલાઓ, સિનિયર સિટીઝનો અને પ્રથમ વખત મતદાન કરનાર યુવા મતદારોને અચૂક મતદાન કરવા માટે પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. આ ઉપરાંત, મતદારો કોઈ પણ પ્રકારની લાલચ, ડર કે પ્રલોભન વગર સંપૂર્ણપણે નૈતિક રીતે અને મુક્ત મને મતદાન કરે તે અંગે પણ જનજાગૃતિ ફેલાવવામાં આવી હતી. જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા હાથ ધરવામાં આવેલા આ સઘન પ્રયાસોને પગલે મતદારોમાં મતદાન પ્રત્યે નવીન ઉત્સાહ જોવા મળી રહ્યો છે. ઉલ્લેખનીય છે કે, જૂનાગઢ જિલ્લામાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી માટે તા.૨૬મી એપ્રિલે મતદાન થશે.

રાજકોટ સ્થાનિક સ્વરાજય સંસ્થાઓની ચૂંટણી –૨૦૨૬ અંતર્ગત મતદાર જાગૃતિ કાર્યક્રમ

રાજકોટ જિલ્લાની વિવિધ સહકારી મંડળીઓ દ્વારા મહત્તમ મતદાનના સંકલ્પ ગ્રહણ કરાયો

કમલમ્, રાજકોટ

રાજકોટ જિલ્લામાં આવેલી કુવાડવા જૂથ સેવા સહકારી મંડળી લિ., કાગદડી સેવા સહકારી મંડળી લિ. તેમજ હલેન્ડા જૂથ સેવા સહકારી મંડળી લિ. દ્વારા સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાઓની ચૂંટણી – ૨૦૨૬ને ધ્યાનમાં રાખીને મતદાર જાગૃતિ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમોનો મુખ્ય ઉદ્દેશ ગ્રામ્ય વિસ્તારોમાં મતદારોમાં જાગૃતિ લાવવાનો અને વધુમાં વધુ મતદાન થાય તે માટે પ્રેરણા આપવાનો હતો. કાર્યક્રમ દરમિયાન ઉપસ્થિત ગ્રામજનોને મતદાનના મહત્વ અંગે વિસ્તૃત માહિતી આપવામાં આવી અને "મતદાન કરવુંએ આપણુંઅધિકાર અને ફરજ છે" તે બાબતે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આ પ્રસંગે ઉપસ્થિત લોકોએ મતદાન અંગે પ્રતિજ્ઞા લીધી હતી તેમજ નિર્ભય, નિષ્પક્ષ અને શાંતિપૂર્ણ મતદાન કરવા માટે સંકલ્પ વ્યક્ત કર્યો હતો. સાથે જ ગામોમાં ૧૦૦ ટકા મતદાન થાય તે માટે સૌએ સક્રિય સહકાર આપવાની ખાતરી વ્યક્ત કરી હતી.

બહાઉદ્દીન સરકારી વિનયન કૉલેજ, જૂનાગઢ 'ઇન્ડિયન બજેટ ક્વેસ્ટ-ગાંધીનગર'માં વિદ્યાર્થીઓની શાનદાર સફળતા

કમલમ્,

ગાંધીનગર ખાતે આયોજીત 'ઈન્ડિયન બજેટ ક્વેસ્ટ'માં જૂનાગઢની ઐતિહાસિક બહાઉદ્દીન સરકારી વિનયન કૉલેજના ચાર તેજસ્વી વિદ્યાર્થીઓએ ઉત્કૃષ્ટ દેખાવ કરી સંસ્થા અને શહેરનું ગૌરવ વધાર્યું છે. ત્રણ મુખ્ય ચરણોમાં યોજાયેલી આ સ્પર્ધાની શરૂઆત 'ઓનલાઈન ક્વિઝ'થી થઈ હતી. તેને પાર કર્યા બાદ, દ્વિતીય સોપાનમાં વિષયને અનુરૂપ 'નિબંધ લેખન' સબમિટ કરવાનો હતો. આ બંને પ્રક્રિયાઓમાં શ્રેષ્ઠ પ્રદર્શન કરીને પસંદગી પામેલા વિદ્યાર્થીઓએ રૂબરૂ ગાંધીનગર જઈને અંતિમ ચરણમાં ભાગ લીધો હતો. આ અંતર્ગત વિદ્યાર્થીઓએ ગાંધીનગર સ્થિત 'રાષ્ટ્રીય ફોરેન્સિક વિજ્ઞાન યુનિવર્સિટી' ખાતે યોજાયેલ 'નારી વંદના શક્તિ' કાર્યક્રમ તેમજ 'સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ઈન્ડિયા' ખાતે આયોજિત વિવિધ સત્રોમાં ઉત્સાહભેર સહભાગીદારી નોંધાવી હતી. આ ત્રણેય કઠિન પડાવો સફળતાપૂર્વક પસાર કરી અંતિમ મુકામ સુધી પહોંચનાર બહાઉદ્દીન સરકારી વિનયન કોલેજના ચાર વિદ્યાર્થીઓમાં હરિયાણી હિતાક્ષી, ભેટારીયા ડોલી, બામણીયા હાર્દિક અને સુખાનંદી ભાર્ગવનો સમાવેશ થાય છે. ગાંધીનગરથી આ કાર્યક્રમ પૂર્ણ કરી પરત ફર્યા બાદ આજ રોજ તારીખ ૨૦ એપ્રિલ, ૨૦૨૬ ના રોજ તમામ વિદ્યાર્થીઓએ અત્રેની કોલેજ ખાતે મુલાકાત લીધી હતી. વિદ્યાર્થીઓની આ ગૌરવવંતી સિદ્ધિ પર રાજીપો વ્યક્ત કરતા કોલેજના આચાર્યશ્રી ડૉ. જે. આર. વાંઝાએ પોતાના શુભેચ્છા સંદેશમાં જણાવ્યું હતું કે, "આપણા વિદ્યાર્થીઓએ રાજ્યકક્ષાએ પોતાના જ્ઞાન અને કૌશલ્યનું શ્રેષ્ઠ પ્રદર્શન કરીને સંસ્થાનું નામ રોશન કર્યું છે. તેમની આ ઝળહળતી સિદ્ધિ અને મહેનત કોલેજના અન્ય વિદ્યાર્થીઓ માટે પણ પ્રેરણાદાયક બની રહેશે." આ તકે સિનિયર અધ્યાપક ડૉ. પી. વી. બારસીયા અને ડૉ. કે. પી. બાકુએ પણ આ યુવાઓને ભવિષ્યની વિશેષ પ્રગતિ માટે હાર્દિક શુભેચ્છાઓ પાઠવી હતી. આ સમગ્ર પ્રક્રિયામાં પ્રોગ્રામ ઓફિસર પ્રો. ભાવિક ચાવડાએ સ્પર્ધકોને સતત માર્ગદર્શન પૂરું પાડી પ્રોત્સાહિત કર્યા હતા. આ સફળતાથી સમગ્ર કૉલેજ પરિવારમાં હર્ષની લાગણી છવાઈ છે.

•Printer/Publisher/Owner & Editor : Mahesh N. Patel. •Printed At :-Capital Offset Plot No L 801/1, Gidc, Sector -28, Gandhinagar •Published - At A-3, Plot No R-13, Tanishq Complex, New Greencity, Sector-26, Gandhinagar (Gujarat) 382028